ડુંગરી ભિલી : અંક ૧



ઢોલ

આદિવાસી ચેતનાનું સામયિક

સપ્ટેમ્બર ૨૦૦૫

ઢોલ

આદિવાસી ચેતનાનું સામયિક

ભાષા : ડુંગરી ભિલી

ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર


ઢોલ : આદિવાસી ચેતનાનું સામયિક
ડુંગરી ભિલી : અંક ૧ : સપ્ટેમ્બર ૨૦૦૫

પ્રકાશક
ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર
૬૨, શ્રીનાથ ધામ સોસાયટી, દિનેશ મિલ પાસે,
વડોદરા-૩૯૦૦૦૭.

કિંમત
વ્યક્તિગત : રૂા.૧૦/-
સંસ્થાકીય : રૂા.૨૦/-

મુદ્રક
વિરાટ પ્રેસ
વ્રજવાટિકા, સિદ્ધનાથ રોડ, વડોદરા

ભાષા ભારતી



ડુંગરી ભિલી
ચૌધરી
કુંકણા
પંચમહાલી ભિલી
ગરાસિયા
રાઠવી
ભાંતુ
દેહવાલી
પાવરી
અહિરાણી

સાપેલી સોંપરી

આવા કાઠા મારગે ઝાઈન ભીલાંનાં ગીતાં-વારતા હોધવા અનં મેળવવાહી અનં હું મળુ? આવો સવાલ હેંલમા થાય. એંણી વેળાએ એક મોટા મનનાગાનારાની હૈયામા સેત આવે હેં. ૧૯૮૭ના ટાઢ(જાન્યુઆરી)ના મઈનાના આણંદ આલતા ભર બપોરે 'ડુંગરી ભીલોના દેવિયાવાળાના અરેલાઃ નવલાખ દેવીઓ અને કરમીરો' સોંપરી બારી પર્યા પેસ માર અરેલાનો દાંની કાકા રાઝા ન ઓંણી સોંપરી આલવા અનં (માથાહી) દેવાનો ભાર ઉતારવા પૉસ મઉરા ગૉમ ઝાઈ રો અતો. હરદો સોવની વેળામા સાલવાહી ખુસ્સી હો ખહ્લાટા મારતો અતો. મગરાવાળી વાટે 'બિલ્યાવાળુ વેળુ' અટાંની અગળ એંઠો ત્યેંર એક પોંગે લગરાતો કાળા ખોરિયાનો ભોટો ભીલ હોંમે મળો. માર અરેલાનો ગાનારો કેંર હેં કે નહીં, એંણ ઝોંણવા સવાલ કરો, ''કાકો રાઝો કેર હેં? પેસ એંણાની હોંમુ ઝોવુ. અમાં એક બીઝાહી સેતરાયા એં, એમ એક બીઝાન ઝોતા દન મન ઊંચા રઈ ગા! થોરી વારતો હું બોલાવું એંણી પોંણ હુઝ નેં ની. પેસ કાકો રાઝો બોલો, ''ભાઈ પના યું?'' પેસ વાટ વીસમાસ બેહી ગા. બે સાત પેસ આઝ ખેર(ખેડબ્રહ્મા) હી પનર ગાઉ દૂરા બિલ્યાવાળા વેળાના ઢોકે અમાર સરસોંણો ભેટો થઈ ગો'તો. કોંણા આણંદ હી બેયાંની ઓંખો વેંહરી. કેંણા એતહી મારા ખભે આથ પપાળીન પૂસુ, '' કેં ઝાતો?'' ''તનં મિળવા!'' મેં કઉ. ''અવણ ઉં તો અરેલા નહીં ગાઈ હકતો!'' એંણા પેસ સિયાર મઈના મટોડા ગૉમના ડાગતરની હપાળહી એઝા હાઝા થા'તા. પોંણ એક પોંગે ખોર રેઈ ગેઈ'તી. મેં એંણાન ગાયેલા અરેલાની સાપેલી સોંપરી થેલામાહી કાટીન આથમા આલી. એંણાના મખમાહી સબ્દા નેંકળી પરા, '' આઈ ! હા ! હા ! સોંપરી પર તો નખ્યા ઉંસ હું ને?'' કાકા રાઝા સોંપરી ઉપેંરનું મખપોંનુ નવલાઈ અનં આણંદહી ફેરવી ફેરવીન ઝોવા લાગા અનં કેવા લાગા, '' મારરા ખોલરું હેં ને ! ઉંસ હું ને ! પેલો બેઠો હેં એંણો લખો હેં ને !'' એંણી સોપરી ઉપેંરનાં સિતરાંનાં નૉમ પારવા લાગા અનં માર ઓંખો એંણાના મખ પર ફેલાયેલા સોવના આણંદન પીવા લાગી. કાકા રાઝા સોંપરી ખોલીન અક્ષરો ઝોવા લાગા પોંણ અણભણતા નરી. થેલામાહી બીઝી સોંપરી બારી કાટીન એંણાએ ગાયેલી લીટીઓ વોંસી હપળાવીઃ

નવી નવરાતનો દન આવો...
બાઈઓ...
નવી નવરાતનો દન એ...ન આયો હેં...

એણાની ગાયેલી સ લીટીઓ સોંપરીમાહી હોંપળીન, ગઢ્ઢા મખ ઉપર સેતન સનમુ ! કાકારાઝા ખુસ્સીહા ખહ્લાટા મારતા અગળની લીટીઓ ગાવા લાગાઃ

સૂંડન સરાવટી વાત સોળ હેં...બાઈઓ...
હોનાના પારણે રમણા એ..ન લાગી હેં...
હોનાન... કાંબીએ રમત મૉંડે હેં... બાઈઓ...
હોનાના પારણે રમણા એ...ન લાગી હેં...
ઝુગ તો ઝાહેં ન નેંસોણી... બોલ હેં...બાઈઓ...
ઝુગ ઝાહેં... નેંસોણીઓ.. રે બોલ હેં...

ઉં એંણાન મખ ઉપેંર આવેલી ખુસ્સીન પૉમતો અતો નં મારો હરદો સંતોકહી કિલોલ કરતો'તો. મનં લાગુ કે અવણ માર કિયા સૉદરની ઝરૂર અતી! કેંણી પીઢીઓની હગરી રાખેલી માંઘી મૂરી, એંણાન સ વિયાઝ હાથે પાસી મિળી અતી, અનં માર મેંમત ફળી અતી.

થોરી વેળના વિસરૉમા પેસ અમાં બેય ધેંમેં ધેંમે એંડતા, વાતો કરતા મટોડા ગૉમ આવા. ડાગતર કનહી એંણા વાસ્તે દવા લીતી. ઝાવાની વેળાએ બીઝા અરેલામા રાગ પુરાવવાવાળા વાસ્તે હાત સૉપરીઓ આલી.

થોરા દન પેસે એણાન ફરી વાર લખવાની (લકવાની) વેળ ઉપરી અનં એણા વેંકુટપરીના વાસી થા. લોકાઈ વેળાએ ઉં પૉસ મહુડા ગૉમ ગો. કળહા કુટુંમે એંણાની ઝંગીની મેંઠી વાતો કરી, અનં અમાં દઃખી થાં. સેલે કાકા રાઝાના એક દીકરે મનં કઉં, "પાઈ પગા, થારી સૉપરી તો બા હોરીએ રાખી હહા હૂતો. માર સૈયો ઑણી સૉપરી વૉસતો ત્યેંર તો બા, મૉંદમાહી પૉણ ઊપો થાતો નં કેંતો, સૉપરી હૉપળીન આહુય આવેં નં નાસુય આવેં ! એંણી વેળા મનં લાગુ કે વનનાં ઑણાં ગીતાં-વારતા ભેળી કરવામા ગમાવેલાં ઝંગીના થોરાં વરહાં કૉમમા આવાં હેં.



આપળે કે'વાત

ફારતણી સંસ્કૃતિને ચાની આવતી પરંપરાણે મૂલે તે આગાલથી જ ચાની આવીયા. આપળાહાય જીં નખાણમાં આજે મીલતહ તીં તે આગાલ મૂંએ ઉનાયને ચાની આવહં. ફારતણી ફાષા ને સંસ્કૃતિમાં બહું જાતણ્અ્ હેરવાણ્અ્ મીલતહં. નવઅ્ [illegible] જીં કાંય નખાતહં ને તેવઅ્ જી નખાતહં તીયામાં જ હાસે એવઅ્ માનવામાં આવતહં. પણ જી નવઅ્ બને તી નખાણમાં હો હોય ને ને મૂંએ મૂંએ કવાય તીયામાં હો હોય. ચાની આવતી પરંપરામાં તીં સંસ્કૃતિ દેખાય. ને તી બદઅ્ જે તે બોની બોનાત તીયામાં હેરવાણઅ્ મીલે. આપળાહાય પેલો સવાલ ઓ હોય કા સંસ્કૃતિ એટલે કાજ? હેરામાં રયાત તી ને ગામળામાં રયાત તીણે સંસ્કૃતિ જુદી જુદી હોય કા? [illegible] વગાર તીયા વિશે ખિયાલ કરવાણઅ્ બહું ખોયણાણ કવાય.

[illegible] જીં આદિવાસી રતેહે તીણે એક બહું હારી ચાની આવતી પરંપરા હાસે. તી બદઅ્ મૂંએ મૂંએ નોકે કયાત તીયામાં જ ટકીનઅ્ હાસે. આદિવાસી નોકાહે પેહે નાચીનઅ્ કાયની ફણ તીણે ચાની આવતી બદી વાતમાં બહું બદઅ્ હાસે. [illegible] તેહું તીણે પાહે મોટે મોટે ચપળાહામાં હોય તતર અ્ હાસે. તીણેમાંહા કોઈ જુદી જાતણી શક્તિ હાસે. આપળે બદાહે પાહે રાજા પાંઠાણી વાત, હરખી નખાતણે પેયળે, ગીતે, વારતા, જીં જુદે જુદે વખાતં ગાવાયાત તેવી વારતા. બદઅ્ બહું હાસે. તીં બદઅ્ જુદા જુદા વાજિંત્રો હારી કવાય, તીયામાં ડોવળઅ્, ટારપઅ્, તુર, વાહલી, થાંથલી, ટીંગરી એવા બદામાં હહવાણ અ્ હો આવે.

આદિવાસી નોકાહે પેહેં ગીતે, જીખણે, કે'વાત, વારતા ઈ બદાહમાં સંસ્કૃતિને જીવનણો આનંદ હેરવાણો મીલે. તી બદઅ્ જુદે જુદે સમયે આપળાહાય ઉનાવાણઅ્ મીલે. આપળે કેવાત ને જીખણાહામાં જે કલ્પનાને બુદ્ધિ દેખાતીયા તીયા વિશે આપળે વિચાર જે તે જીણાહાય બુદ્ધિ વગારને નોકો માનાત તીણે પેહે કતર અ્ બદઅ્ [illegible] હાસે. આજે આદિવાસી નોકાહેણે આઝાદ ફારતણા નોકાહ હારી મીલી [illegible] કવામાં આવે. પણ મુખ્ય પ્રવાહ એટલે કાજા? જીને જીયે રાંડાયની ડોહનીણઅ્ [illegible] માન ની મીલે. ડોહન્નીણે હરખો ભાગ આપવામાં ની આવે. ડોહની બીજે હાહરે જાય તે કોઈણે વાંદો હોય. એવા નિયમો કરતા હારી હમાજ તીણેમાં હા. આપળે પેહે જીં હાસે તી દુનિયા હેરતી હા તે વિચાર કરતીયા કા ઈણે પેહે તે બદી જાણકારીને હમાજ હા તતરી આપળે પેહે હો કાયની હા. આદિવાસી નોકાહેં પેહે જીં હમાજ ને જાણકારી હા તી આપળે જાણને કાજા કરવા જોજે તેવઅ્ આપળે આપળે કેવાતમાં સાચી વાત હાસે તી જાણજે તે કેવઅ!

દક્ષિણ ગુજરાતમાં આદિવાસી નોકે વહતે હે તીયામાં ચૌધરી, ધોડિયા, ગામીત,

કુંકણા, વસાવા, કોટવાલે, દુબલે એવી નહદી જાતણે નોકે રઅ્તે હાં. તીયામામણે એક ચૌધરી હા. ચૌધરીણે જે કે'વાત હા તીણેમાં નોકાહે જીવનણી વાત તીયામાં આવતીયા. તીણે કેવાતમાં હાચી વાત ને જીવનમાં બનીના પરસંગ ને અનુફવમાંથી એ બદી ક'વાત આવની હા. એ બદી કેવાત મૂએ મૂએ જ કવાતીયા. ને હાચવયની હા.

ગડાહા વગાર ગાહ્રઅ્ ની વલે.આપળે જાણતામ કા કોય બી કામ હોય વડીલ માણહા વગાર કામમાં અબદા પળે. ફણ તેહું અમે આપળે જુવાન્નાં તીણે આવળત પરમાણે જાતે જ કરને તીયાર હોય જાયાત ને ગડાહાય ની નેજાયાત.

આપળે જાણજે કા ચૌધરામાં વેવા એટલે આનંદણો ઉત્સવ કવાય. તીયામાં આખી રાત ડોવળા હારી નાચીન પૂઠી બીજે દિહી નાડાણે માફામાં બેહાળીન્ ગાડલાહામાં જાન કાળવાણી. જાનીમાં જાવાણ અ્ એટલે જુવાન્નાહાય તે વાતજ ની પૂછવાણી. બદા જુવાન જુવાન તીયાર હોય ગયાને ગડાહાય કોઈણે કાયની નેદા. તેહુ એક ડોહો જાનમાં આવણે તીયાર હોય ગો. ફણ જુવાન્નેહે ડોહાય જાનમાં આવવાણી ના પાળી દેદી. કેહે કા જાનીમાં ડોહાણે કાંય હોય તે હાચુવવા પળે. એટલે મજાની આવે . તેહુ ડોહો તે દપીન્ પાંજરામાં બેહી ગો. ને જાન નાડેંણે ગામાં પઅ્ચી તે જાનણે અટકાવી. ને કઅ્ય કા આમારે સવાલણે જવાબ આપતા તેજ જાન જાવા દેજે. તુમારે પન્નાવાણઅ્ હોય તે ગામણે પાદરે કૂવો હા તો કૂવો ધીરા કઅ્તે ફરવા પળી. બદા જુવાન્નાતે વિચારમાં પળી ગયા. કૂવાને કેહે કેહે ફરવાણો. ને ગડાહાય યાદ કરને મન્નડા. તીયાર પાંજરામાં બેઠનો ડોહો કઅ્તોવા પોહાહા ચિંતા નખે કરતા. ગામ વાલા કઅ્લા આસવાથી તે કૂવો ગાલાય કા જો. તે ધીહાથી હો કૂવો થોળો ફરાય. તીયાર જુવાન્ના બોની પયળા કા ગડાહા વગાર ગાહ્રાઅ્ ની ચાને.

ઈયે ક' વાત જેવી જ એક બીજી કે'વાત હાસે.'ધીહા કરીન કૂવો ફરાયની ને આસવા કરીન કૂવો ગાલાય ની.'એવી થોડળક કે'વાત આપળે જાણતા.

૧.આડંલાં બેર અ્ ફૂટાયાં, ૨.આવી પાવણી ને બેહાડી દહ્રે, ૩.કાંબલો ફીગી તીયાર ખરાબ પળી, ૪.બગનો ફગાત હઅ્ વખાત ધૂણે, ૫.ધયર અ્ હાથે ને પયળઅ્ માથે, ૬.આજ્તો હેદનારો, ૭.આસવામાં પાણી પૂગે તા હુદી જીવજે, ૮.આદો ખાયને લાગ્જો, ૯.અકાનણો બોકાળે, ૧૦.એહનારી આવી ગોઈ, ૧૧.ઓકણો બે ની હોય, ૧૨.આગ નાગે તીયાર કૂવો ખોદે, ૧૩.આખી રાત દહ્રઅ્ ને કોયળામાં આહારઅ્, ૧૪.આતળે નીફલાય ગયે, ૧૫.અખાત્રીણે પૂંજ મુકી, ૧૬.અવતાર બહ્રો, ૧૭.આખલો ઉખ્ખારોવા, ૧૮.આયા મીલી તે બદે મીહ્રે, ૧૯.આસી રાબડી પાસી નાવી, ૨૦.એખના માણહાથી વેર ની વલે, ૨૧.કય કાજા ને નાવો કાજા ૨૨.કહાર કરે તો બીજો, ૨૩.કાહ્રા મેગાણે પૂંજ મૂકી, ૨૪.કાન ફૂકી ફૂકીને હારે કઅ્દો, ૨૫.કાગ ટચે ને બગ ટચે, ૨૬.કૂકડો વાહયો ને જગલો નાઠો, ૨૭.ખાવાણે રોટનો ને બેહવાણો આટનો, ૨૮.ખાંડી કોદરી ધોણે ગઈ, ૨૯.ખોખરે ઉંબરે બગને ભૂત, ૩૦.ઘરમાં ઉંદરે ભૂખે મરે ને વટ તે જબરો, ૩૧.ખેડે તીયાય ખેતી ને રય તીયાણે ખહર, ૩૨.ગજવામાં હોય તીયાર ખાવાય ૩૩.ગરીબણે ફોજહાય ને તવંગરણે વહુ, ૩૪.ગમદા આંબણે પોહો,

એવી બહું કે'વાત આપળે નોકાહા પેહે હાસાત તીયામાં આપળે નોકાહે બંદી જ વાત આવે. ફણ અમે જીં ગઅડે માણહે હાસાત તીણે પેહે જ એવી વાત રઅ્ય ગની હા. તીહો થોળાક વરહામાં આપળે વિહરાય જાહું તે તી ટકી રય એવઅ્ આપળે બદાહે કરવા જો જે.

ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

પરંપરામાં આધુનિકતા

ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની ભવ્ય ગાથા મુળ તો પરંપરામાં જ વહેતી આવી હતી. લિખિત સ્વરૂપમાં જે ગ્રંથો આપણને મળે છે તે મુળે તો મૌખિક પરંપરામાં જ હતા. ભારતીય ભાષા અને સંસ્કૃતિમાં મોટા પ્રમાણમાં વૈવિધ્ય જોવા મળે છે. ભાષાઓમાં એટલી વિપુલતા અને વિવિધતાનું પ્રતિબિંબ સર્જનાત્મક લિખિત સાહિત્યમાં જ જોવા મળે છે એવો ભ્રમ ઉભો થયો છે. *સર્જનાત્મક મૌલિક અને મૌખિક સર્જ હોય*, જે પરંપરામાં સચવાયેલ હોય. પરંપરિત સચવાયેલા સાહિત્યમાં જે તે સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલાયું હોય છે. ભાષાના ભાષાની નૈસર્ગિકતા જે તે વિસ્તારમાં બોલાતી બોલીમાં જોવા મળે છે. સંસ્કૃતિ એટલે ખરેખર શું? એ વિશે પણ અનેક મતો પ્રવર્તે છે. શહેરીજનો અને ગ્રામજનોની સંસ્કૃતિ જુદી હોય શકે? કોઈ સંસ્કૃતિને સમજ્યા વગર એના ખ્યાલો બાંધવા એ સંસ્કૃતિ સાથેનો બળાત્કાર છે. બળાત્કારથી સંસ્કૃતિને મટાડી કે નાશ કરી શકાતી નથી. એના મૂળ ખૂબ ઊંડા હોય છે. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા વિશેની અજ્ઞાનતા માણસાઈ માટે અવરોધ બની રહે છે.

કુદરતના સાનિધ્યમાં રહેતા આદિવાસી સમાજ પાસે પોતાની કહી શકાય એવી ભવ્ય પરંપરા છે. જે સામાન્ય રીતે મૌખિક સ્વરૂપે સચવાઈ છે. જેમાંથી એની સંસ્કૃતિની સુવાસ વહેતી હોય છે. લખાતી ન હોવા છતા ભારતની આદિવાસી ભાષાઓમાં વિપુલ સાહિત્ય ભંડારાયેલું છે. અજ્ઞાન અને અબુધ લાગતા માણસ પાસેથી કંઠસ્થ ગ્રંથોના ગ્રંથો આપણને મળશે. એ જોતા એવી અનુભૂતિ થાય છે કે, એમની અંદર કોઈ ઊંડે જ્ઞાનનો સ્ત્રોત વહે છે. એમાં ડાંગનું 'કુકણા રામાયણ', 'સાળવાં માનસિંહની રાણી કથા, માવલીની કથા, બનાસકાંઠામાં વસતા ડુંગરી ભીલોની પૃથ્વીની ઉત્પતિ કથા, ભીલોનું ભારથ, છતીસગઢની ભરતરીની કથા વગેરે.. એમના તો વાજિંત્રોમાં એના તાલમાં આખી કથા ગવાતી હોય છે. પછી ભલે એ પાવો, ઢોલ, તંબુરો, ડોબરું, તારપું, માદળ, નગારું વગેરે હોય. સાથે એજ વાજિંત્રોમાં રમુજી સંવાદો પણ ચાલતા હોય છે.

આદિવાસીઓની મૌખિક પરંપરામાં સચવાયેલા ગીતો, ઉખાણા, કહેવતો, કથા વગેરેમાં એમની સંસ્કૃતિ અને જીવનનો આનંદ જોવા મળે છે. એમના ગીતો આપણને એમના જુદાજુદા પ્રસંગોએ સાંભળવા મળે છે. એમની કહેવતો અને ઉખાણાઓમાં જે કલ્પના અને બુદ્ધિનો જે સમન્વય હોય છે તે જોતા આપણને તરત પ્રતીતિ થશે કે એમને આપણે અજ્ઞાની ને અબુધ તરીકે જોતા આવ્યા છીએ તે આપણો ભ્રમ છે. આજે

આદિવાસીને આઝાદ ભારતના મુખ્ય પ્રવાહમાં જોડાઈ જવાનું કહેવામાં આવે છે. પણ કયો પ્રવાહ? જ્યાં વિધવા સ્ત્રીને સમાજ હડદૂત કરે છે, જ્યાં વહુને દહેજ માટે મારપીટ કરવામાં આવે છે ને મારી પણ નાખવામાં આવે છે. આદિવાસીમાં સ્ત્રીને સમાન હક મળે છે. કોઈ શોષણ નથી. સ્ત્રી બીજા લગ્ન કરી શકે છે. આ બધા મુલ્યોથી જણાય આવે છે કે આદિવાસી ઘણું જાણે છે. પરંતુ, એમની કોઠાસુઝ અને જ્ઞાન શોધવા હોય, સમજવા હોય, તો તે માટે શું કરવું તે જાણતા નથી.

આદિવાસીઓની કહેવતોમાં જે અર્થ-મર્મ છુપાયેલો છે, એને જાણવાનો પ્રયત્ન કરીએ. દક્ષિણ ગુજરાતમાં જે આદિવાસી જાતિ વસે છે એમાં ચૌધરી, ઢોડિયા, ગામીત, કુંકણા, વસાવા વગેરેનો સમાવેશ થાય છે, ચૌધરી એક પ્રમુખ જાતિ છે. ચૌધરી બોલીની જે કહેવતો છે એમાં એમના અનુભવજન્ય જીવનનો નિચોડ છે. એમની કહેવતોનું સ્વરૂપ અનેક સત્ય ઘટનાઓ, પ્રસંગો અને તેમના અનુભવોમાંથી ઘડાતું હોય છે. એમની મૌખિક પરંપરામાં સચવાયેલી કહેવતોમાં દેખાઈ આવે છે.

'ગડહા વગાર ગાઘઅ્ની વલે'

વડીલોની સલાહ અને માર્ગદર્શન વગર ન ચાલે.

ચૌધરીઓમાં લગ્ન પ્રસંગ એક અનેરો ઉત્સવ બની રહે છે. ડોબરુંના તાલે મસ્તીથી નાચવાનું અને ગીતોના લયમા પોતાની ઈચ્છાઓને વણી લેવી એ એક સહજ વાત બની જતી હોય છે. માંડવાના દિવસે(જાનના દિવસે)જાનૈયાઓ ગાદીમાં અને વરરાજા માફામાં બેસી કન્યાના ગામ જવાની તૈયારી કરે છે. એમાં એક વૃદ્ધ જાનમાં આવવા તૈયાર થાય છે. પણ યુવાનો વૃદ્ધને લેવાની ના પાડે છે. કારણ કે એ વૃદ્ધની સંભાળ આપણે લેવી પડશે જેથી જાનમાં મઝા નહી આવે. પરંતુ પેલો વૃદ્ધ પાંજરામાં(ગાદીના પાછળના ભાગમાં) બેસી જાય છે. જાન કન્યાના ગામમાં પહોંચે છે. ત્યા જાનને રોકવામાં આવે છે. અમારા સવાલનો જવાબ આપો તો જ જાનને જવા દઈએ. તમારે કન્યાને પરણવી હોય તો ગામને પાદરે આવેલ કૂવાને ઘી થી ભરવો પડશે. આ સાંભળીને યુવાનો તો વિચારમાં પડી ગયા. કૂવાને કેવી રીતે ભરવો? વડીલોને યાદ કરવા લાગ્યા. ત્યારે ગાદીના પાંજરામા એટલે કે પાછળના ભાગમાંથી વડીલ બોલે છે. દિકરાઓ ચિંતા નહી કરતા ગામ લોકોને કહો કે પહેલા કૂવાને આસવાથી(માછલી પકડવાની જાળી)ગાળી આપો તો અમે કૂવાને ભરીએ. કન્યાના પક્ષના ગામ લોકો કહે છે એનાથી તો પાણી ગળાતું હશે? તો ઘી થી કૂવો કઈ રીતે ભરાય? ત્યારે જુવાન બોલી પડે છે 'ગડાહા વગાર ગાઘઅ્ ની વલે' એટલે કે ઘરડા વગર ઉકેલ ન મળે. એ ઉપરથી બીજી એક કહેવત ઉતરી આવી છે.

'ધીંહા કરીન કૂવો ભરાયની ને આસવા કરીન કૂવો ગાલાયની.'

શબ્દાર્થ:

ગડાહ – વૃદ્ધ, વડીલ
ગાઘની વલે –ઉકેલ ન મળે
ધીહ – ઘી
આસવ – માછલી પકડવાનું એક સાધન
ગાલાયની – ગળાય નહીં

એવી કહેવતોના થોડા ઉદાહરણો :-

પાગળામાં ઓહાળને આતો મરી ગો - પાઘડીમાં દવાને બાપુ મરી ગયા

ઓજડા પાછાલ ઓહાડ ને આતો મરી ગો - ઘર પાછળ દવાને પિતા મરી ગયા.

શબ્દાર્થ :-

પાગળા :- પાઘડી

ઓહાળ :- દવા

આતો :- પિતાજી,બાપુ

ઓજડ :- ઘર

આદિવાસીઓ જંગલની જડી બુટ્ટીનો ઉપયોગ કરે છે. પરંતુ એ દવા કોઈને બતાવતા નથી. પોતાની પાસે જે જાણકારી છે એ બીજા પાસે પહોંચી ન જાય એ બીકે એ દવાથી પોતાનો ઈલાજ કરવાનો તો પણ કરતા નથી અને પોતે મૃત્યુ પામે છે ત્યારે દિકરી કહે છે દવા પાસે જ હોવા છતા પિતાજી મૃત્યુ પામે છે.

અફણામાં હૂવી ગો.

અફણા :- અફીણ

હૂવી :- ઊંઘવું

અફીણમાં ઊંઘી ગયો.

અફીણમાં પોતાનું જીવન વેડફી નાખે છે. વ્યસની- દારૂડીયો, અફીણના બંધાણીના મર્મને સ્ફૂટ કરે છે. એજ અર્થવાળી બીજી કહેવત

'છાકટાએ ઘર ખોલ્યુ.'

'છાકટોને નકટો બેહું હરખા.'

શબ્દાર્થ :-

છાકટો - દારૂડીયો

ખોલ્યુ - ઊજાડવું

નકટો - નફ્ફટ

ખાંદા પેહે જોહરઅ્ નજા કરે.ખભા પર ધુંસરીને ધુંસરી સોધા કરે.

શબ્દાર્થ :-

ખાંદા પેહે - ખભા પર

જોહરઅ્ - ધુંસરી

હેદ્જા કરે - સોધા કરવું વસ્તુ પોતાની પાસે જ હોવા છતાં સોધા કરવું.

ઝંગો કાળતા આવળેની ને પન્નાણે હોવી.

ઝંગો -કાછડો

પન્નાણે -પરણવું

હોવી -થવું

લુગડું પહેરતા આવડે નહી ને પરણવાની થઈ.(નાની ઉંમરમા લગ્ન કરવા નહીં.)

દીકરો કાદો પોહતીનો

શબ્દાર્થ :-

ઠીકરો કાદો - જંગલી કંદ

પોહતીનો - પોષણ યુક્ત હોવું જંગલી કંદ પોષણ પુરૂ પાડતો હતો.

આદિવાસીના ઘરમાં અનાજનો દાણો ન હોય ત્યારે જંગલી કંદ ખાઈને જીવે છે. આદિવાસીની દારૂણ કથનીના દર્શન થાય છે.

દિવાલે નાચ્ચો તો હોલે નાચ્ચો દિવાળીએ નાચ્યો તે હોળીએ નાચ્યો.

જીવનનું કઈ કહેવાય નહીં છતાં જે દિવાળી પર જીવતો હોય એ હોળી સુધી જીવવાનો જ કારણ ભૂખ મરાના આકરા ભાદરવાના દિવસો પસાર થઈ ગયા છે એટલે હવે હોળી સુધી તો જીવી જઈસું એવો વિશ્વાસ જન્મે છે.

કુકડા વાદ્યાને જગલો નાહાય-કુકડો બોલ્યાને જગલો ભાગ્યો.

દેવાના ભાર નીચે દબાયેલા જગલા પાસે સવાર થાય ને શેઠ ઉઘરાણી કરવા આવે તે પહેલા જ જગલો ઘરમાંથી બહાર નીકળી જતો.

ચૌધરીની આ કહેવતો જોતા એમની વાસ્તવિકતાનો ચિતાર ઉપસી આવતો દેખાય છે. એમના ઉખાણામાં પણ રમુજની સાથે બુદ્ધિ ચાતુર્યના દર્શન થાય છે.

નાનો બાબો દપન વીંદે - પગમાં કાંટો વાગે તેને ઉખાણામાં જાણવાની વાત છે.

નાનો બાબો કુદીન વાહલી વાગાડે - મરઘો ઉચી ડોક કરીન બોલે તે.

આમ કહેવતો એ પ્રજાની સહીયારી સંપતિ છે. કહેવતોમાં સમાજનું શાણપણ દેખાય આવે છે. એમાં અકબંધ રહેલું મર્મ જાણે અજાણ્યે સ્ફૂટ કરે છે. આવી કેટલીક ચૌધરી કહેવતોનું ગુજરાતી.

૧. આંધળું બેરું કુટાયું. ૨. આવ્યા મહેમાન ને બેસાળ્યા દળવા. ૩. કામળો ભીજાંશે ત્યારે ખબર પડશે. ૪. બગ ભગત સો વખત ધૂણે. ૫. ઘર્યુ હાથે ને પડ્યું માથે. ૬. તૈયાર ખાનારો. ૭. જાળમાં પ્રાણી હોય ત્યાં સુધી જીવજે. ૮. આદુ ખાયને લાગવું, ૯. અક્કલનો બુઠો, ૧૦. અવિધિસર કન્યા આવી, ૧૧. માનવું નહી, એક ના બે ન થવું, ૧૨. આગ લાગે તીયાર કૂવો ખોદે, ૧૩. આખી રાત દળ્યું ને કોડીયામાં આહાર્યું, ૧૪. આંતરડા નીચોવાય ગયા, ૧૫. અખાત્રી તીજની પૂંજ મૂકી, ૧૬. અવતાર બળ્યો, ૧૭. આખલો તોફાન કરે છે, ૧૮. માતા મળી તો બધા મળ્યા, ૧૯. રાબળી પાછી લાવી, ૨૦. એકલા માણસથી વેર ન વળે, ૨૧. કહ્યું શું ને લાવ્યો શું, ૨૨. કરકસર કરે તે બીજા, ૨૩. કાળા મેઘની પૂંજ મૂકી, ૨૪. કાન ફૂદી ફૂદીને સારો કર્યો, ૨૫. કાગડો ચાંચ મારે ને બગલો ચાંચ મારે, ૨૬. કુકડો બોલ્યો ને જગલો નાઠો, ૨૭. ખાવાને રોટલો ને બેસવાને ઓટલો, ૨૮. કોદરાની રોદરી ધોવા ગઈ, ૨૯.પોલા થડમાં બગલો ભૂત, ૩૦. ઘરમાં ઉંદર ભૂખે મરે ને શોખ તો જહરો, ૩૧. ખેડે તેની જમીન ને રહે તેનું ઘર, ૩૨. ખીસામાં હો ય તો ખવાય, ૩૩. ગરીબની ભાભી ને ધનીકની વહુ, ૩૪. મકોડા વાળો આંબાન ઝાડવાળો છોકરો.

ભાષા : કુંકણા

માના દિલ્હીના અનુભવ

દિલ્હી કીસીક આહા, કાય આહા તી ખબ્બર ની હતી. આમાલા સાંગાં કા "દિલ્હીલા જાવલા." આમી ઘરહૂન કલાકાર ભાઈ-બહેન સાહલા લી હન આનાંવ. દિલ્હીલા આનાંવ ત આપલે જે ઈન્દિરાગાંધી કલાકેન્દ્ર વર ઉતરનાવ ત આખે ભારતદેશને આદિવાસી સાહલા મીળનાંવ. નવી નવી ભાષા, વાયલા-વાયલા પહેરવેશ હેરી આયકીહન આનંદિત હુયનાંવ.

દુસરા કા તેને પૂડ મિટીંગ આયકી ત જમીન જંગલ વિશે જાનુલા મીળનાં. તે કના અધિકારી હતાત અન કોન હતાત તી આપલે નીં વળખજન પન આપલે આદિવાસી ભાઈ સાહલા ચાંગલે રીતે તેંહી ગોઠ દાખવી. યી જાગા અન ઝાડ આપલાં આહાત, તેવર કોનાના અધિકાર ની આહા. યી ગોઠ આયકી ત માલા હોડા આનંદ હુયના કા ખરેખર ઈસાં આપલે દરેક ગાંવમાં એકતા કરી ને સંપ રાખીહન આપલે જાગા જમીન સાટીં કાહીં તરી કરું ઈસાં માને દિલમાં હુઈ ગેહેં.

અન માગુન મગ અલગ-અલગ ગાવના સાંસ્કૃતિક પોગ્રામ હેરીહન ખૂબ ખુશ હુયનાંય. આપલે આદિવાસી ભાઈસાહમાં સાંસ્કૃતિક કલા આહા તી આજુનહી જીવીત આહા તી આપલે જાળવી રાખુલા અન ચાલુ રાખુલા આહા.

અન દિલ્હી ત માલા હોડીક ગમની કા, ખોબ ચાંગલી ગમની. દિલ્હી સરકારની નીહીં પન આપલે આદિવાસી આહા ઈસાં માલા લાગના. દિલ્હી કિસીક આહા, કઠ આહા ની આમી કોની દેખેલ નીહીં, અન કોની દાખવેલ નીહી કા ઈ સરકાર આહા. ઈસા ખરેખર ત બાહેરને લોકસીં યીં કરેલ કા આપલે લોકસીં કરી થવેલ, યીં કાહા કરનાહાં? ઈસાં ની હુયુલા પડ. જીસાં કા યે પૃથ્વીવર આજ આપલે ઊભા આહાવ ની આપલી પદરની આઈસ આહા તીની ચાકરી કરુલા આપલા હક્ક અન અધિકાર આહા નીં સાઠી જાનપન દેવલા આમી તયેર આહાંવ. કાહા કા આજ આપલે જાન દેંવ ત આપહાસાં પોસાં મોહર મહેનત મજુરી કરી જગતીલ, જગત રહતીલ. માનાં જ નીહિ, તુમની જ નીહિ પન અખે આદિવાસીસીં યેની જતન કરુલા પાહાય જ. અન કરતીલ ઈસી માલા આશા આહા. આજ આપલે જાગાવર મોઠ-મોઠલા દેવ-દેવી આહાત, જંગલ આહા, દગડ આહા, તેને હારી પશુ-પક્ષી, જીત-જનાવર આહાત તેના આપલે એક સેવક આહાવ અન સેવા કરતા રહું. ઈસાં કરી પૂડલીપીડી પન કરીલ ઈસી માલા આશા આહા અન કરતીલ જ.

ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

મારો દિલ્હીનો અનુભવ

દિલ્હી કેવી છે. શું છે તે ખબર ન હતી. અમને કહ્યું કે, 'દિલ્હી જવાનું છે.' ઘરેથી કલાકાર ભાઈ બહેનોને લઈને અમે દિલ્હી આવ્યા. તો આપણે ઈન્દિરાગાંધી કલાકેન્દ્ર પર ઉતર્યા અને આખા ભારતદેશના આદિવાસીઓને મળ્યા. નવી ભાષા, અલગ અલગ પહેરવેશ જોઈ-સાંભળી આનંદિત થયો.

ત્યાર પછી મિટીંગ સાંભળી તેમાં જમીન જંગલ વિશે વાત થઈ. કયા અધિકારી હતા અને કોણ હતા તે હું ઓળખતો ન હતો પણ આપણા આદિવાસી ભાઈઓને સારી વાતો તેમણે કહી. આ જમીન, વૃક્ષો આપણાં છે. તેના પર બીજા કોઈનો અધિકાર નથી. આ વાત સાંભળી તો મને એટલો આનંદ થયો કે ખરેખર આવું આપણે દરેક ગામમાં એકઠા થઈ સંપ કરીને આપણી જગ્યા-જમીન માટે કંઈક કરીશું એવું મારા દિલમાં થયું.

ત્યારબાદ અલગ અલગ ગામોના સાંસ્કૃતિક પોગ્રામ જોઈ હું ખૂબ ખુશ થયો. આપણા આદિવાસી ભાઈઓમાં જે સંસ્કૃતિ-કલા છે તે આજે પણ જીવંત છે તે આપણે જાળવી રાખી છે, અને જાળવી રાખવી પડશે.

અને દિલ્હી તો મને એટલી પસંદ પડી કે ઘણી સુંદર લાગી. દિલ્હી સરકારનીજ નહીં પણ આપણા જેવા આદિવાસી લોકોની પણ છે એવુ મને લાગ્યું. દિલ્હી કેવી છે, કયાં આવી છે તે અમે કોઈએ જોઈ નહતી, અને કોઈએ બતાવી પણ ન હતી કે આ આપણી સરકાર છે.

આજે જે આપણી સ્થિતિ છે.તે બહાર ના લોકોએ આવીને કરી છે, કે આપણા લોકોએ કરી છે? આવું કેમ કરે છે? આવું થવું ન જોઈએ. કારણ કે જે પૃથ્વી પર આજે ધરતીમાતા છે. તેનું જતન કરવાની આપણી ફરજ અને અધિકાર છે. જો તે માટે જાન કુરબાન કરવી પડે તે માટે અમે તૈયાર છીએ. કેમકે આજે આપણે કુરબાની આપીશું તો આગળ આપણાં છોકરા મહેનત મજૂરી કરી જીવશે. અને જીવતા રહેશે. મારી જ નહિ. તમારી જ નહિ પણ સમગ્ર આદિવાસીઓની આ ફરજ છે કે તેનું જતન કરવું જોઈએ. અને બધા કરશે એવી મને આશા છે આજે આપણી જમીન પર મોટા-મોટા દેવ-દેવી છે, જંગલ છે, પહાડ છે તેની સાથે પશુ પક્ષી, જીવ-જનાવર છે તેના આપણે એક સેવક છીએ. તેની સેવા કરતા રહીએ એમ કરીશું તો આગળની પેઢી પણ કરશે એવી મને આશા છે અને કરશે જ.

ભાષા : પંચમહાલી ભિલી

ગોમડું અંધસરધા અન દેજપરથા વારુ ની જોયે.

પંસમાલ જિલ્લામાં તા. ૮-૦૪-૦૫ ના દને તાંણ ગ્રામ વિકાસ કેન્દ્રનું ઉદઘાટન ડૉ.ગણેશદેવી સાહેબના હાથે કરવામાં આયું ઈ પરસંગે કાનજીભાઈ પટેલ, એકતા પરીષદના કાર્યકર્તા શ્રી મનોજભાઈ, તાલુકા પરમુખ અને આહે પાહેની ગામ પંચાયતુના સરપંસ, ગ્રામ વિકાસ કેન્દ્રના કાર્યકર ભાઈ બેનુ,આહે પાહેનાં વીહ ગામમાંથી આવીલા આદિવાસી-વિચરતી-વિમુક્તિ જનજાતી તીમજ અન્ય ભાઈ બહેનુએ હાતી મળીને આ કાર્યને સફળતા પુરવક પાર પાડ્યું.

આ આખા કાર્યક્રમમાં વાસ્તુવમાં ગામ કેવું હોવું જુગ્યે, ગાંમનો વિકાસ કીવી રીતે કરીએ તો આપડા ગામના ભાઈ બેનો એકવીસમી હદીમાં કીવા આયુજનોથી ટકી રીહે ઈના ઈપેર જુર દિવામાં આયું.

આખા કાર્યક્રમમાં પેલાં ગ્રામ-વિકાસ કેન્દ્રનો અરથ હમજાવ્યો, જીમાં ગામડાંના આપડાજ માણસો પુત પુતેનો વિકાસ કઈ રીતે કરવો? આ પરસન આપણને ઘણો ભાર લાગે સે. પુણ ઉડાણથી જુવા જગ્યે તો આપણા જ ગામના પરસનને જાતે હમજી અગેડ આવવેનો પ્રયત્ન કરહુ તો વિકાસ કરી શકાસે. આજ હુદી ઘણોવદો આદાર બીજા ઈપેર રાખવાથી તે સેખ ચલ્લીના (મશકરી જેવા) જેવા બણ્યા તેમાં આપડો વખત આન નાણાં વેડફાયાં સે. ઈતરે વિકાસનું માધ્યોમ પુતેના ગામથી કરીયે તો આવનારી પેડીને પ્રોત્સાહન મળહે. આપુ જાણયે સે કે આજાદીના પસાહ વરહ થતાં રહ્યાં સે, સરકાર પરજા હારુ ઘણીયુ પુજના બણાવે સે, સતાં હમાજ અગેડ આવતો નથી પુણ પસાડી રીતો જાય સે. જી મળેસે ઈતે સમાજના અગેળ પડતા માણહુજ ઈનો લાબ લે સે. ને આપડા માણહુ ઈની પસેડ આંદળી દોટ મીલે સે. યેકતે આપણ. ગરીબ સતાં સારી વહાલી વસ્તુ મીલી આ યુજના પસેડ આંદળી દોટ મીલે સે. સરકાર ઘણું તાજુ કામ કરે સે પુણ ઈ અડદે રસ્તેથું વળાંક લીલે સે.

ગામડાંનો વિકાસ કરવો વે તો આપડે હાતે મળીન કામ કરહું તો ઘણું બદુ થાહે. સરકારને રાહત થાહે, કામ ના કરીએ તો આપડી જમીન દની દની ટૂકી થાતી જાય સે. પસી ઈવું બણે કે આપડી પાસલી પીડી હારુ મકાન બાંદવા જમીન હશે. એક બાજુ ભરસા વદે, બીજી પાહે મોગવારી, આપડે હું કરી હકવાના? પુણ ગામ વિકાસ કેન્દ્ર દ્વારા એક નવો વસ્યાર આપડી હામે મિલવામાં આયો સે. તી ઈ કે આપણો વિકાસ આપડા હાથે કરવો. ગામડાંમાં એકતા ખુટારિવાજો, વહેમ, વગેરેને સુડવા પડે. નહી તે આપડા ભાઈ ભાઈ નહી રહેને આપડા બાપ દાદાની મહામૂડીને વારસો સે તે જગમાં વેર વિખેર થાઈ જાહે. ઈતરે આપડે બદા એક રીહુ ને કામ કરહુ તો દુનિયાની કુઈ તાકુત આપુણને નમાવી ના સેકે.

બીજુ કે ગામડાંના આપડા ભાઈબંદુની આર્થિક પરિસ્થિતિ તાજી નથી, ઈ વદાર પડતા દીવામાં બુડીલા હોયતો આપડોજ ભાઈ વ્યસનમાં જાતો રે સે. ઈન બીજો કુઈ મારગ હુજતો નથી. આપડા કેન્દ્ર દ્વારા આનો ઉપાય સે. આપડી પાહે સે. આવોકમાંથી થુડોક ભાગ વ્યસન કરી ઈ બચત આવનારાં વરહુમાં મુડું રૂપ ધરે સે. ઈ બસત આપડા બાળકુના ભણવામાં ખીતીના કામ હારુ, કુઈ ઉદ્યોગ ધંધો કરવા કામ લાગહે. બસત ની ટેવ નથી તો હવે આપડે બસત કરવી પડહે. કર્યા વગર સુટકો નથી અને ના કરીએ તો આપણું સે ઈ પુણ ખુઈ નાખવેના ઈતરે ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત ના થાય તાં હુદી એકતા નામના રામબાણને પકડી અગેડ ચાલીએ.

ગ્રામ વિકાસ કેન્દ્રોમાં નીસે પરમાંણેની યુજનાઉ સે.

(૧) ભંડોળ ફળિયા (૨) અનાજ બેંક

(૩) અનૌપચારિક સ્કુલ (૪) પાણીની મંડળી

(૫) મધમાખી ઉછેર (૬) ઓર્ગેનિક ખેતી

(૭) નિવેડ.

આ બદી યુજનાઉ ગ્રામ-વિકાસ કેન્દ્રમાં આવે સે. ઈમાં એકતા,વહેમ અંધશ્રદ્ધા,ખુટારિવાજ, જુની નીચા પદતી વગેરેનું કામ સાલે સે ઈનું ખરું માર્ગદર્શન આ ગ્રામ વિકાસ કેન્દ્રપાહેથી મળે સે.



ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

ગામડું અંધશ્રદ્ધા અને દહેજપ્રથાથી મુક્ત હોવું જોઈએ

પંચમહાલ જીલ્લામાંથી તારીખઃ- ૮-૦૪-૦૫ ના દિવસે ત્રણ ગ્રામ વિકાસ કેન્દ્રોનું ઉદઘાટન ડૉ. ગણેશ દેવી સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રો.કાનજીભાઈ પટેલ, એકતા પરિષદના કાર્યકર્તા શ્રી મનોજભાઈ, તાલુકા પ્રમુખ તથા આજુબાજુની ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ, ગ્રામ-વિકાસ કેન્દ્રના કાર્યકર ભાઈ-બહેનો અને આજુબાજુનાં વીસ ગામોમાંથી આવેલ આદિવાસી-વિચરતી-વિમુક્તિ જનજાતિ તેમજ અન્ય ભાઈ-બહેનો મળી આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડ્યું.

આ આખા કાર્યક્રમમાં વાસ્તવમાં ગામ કેવું હોવું જોઈએ. અને એનો વિકાસ કઈ રીતે કરીએ તો આપણા ગામના ભાઈ-બહેનો એકવીસમી સદીમાં ક્યા આયોજનથી ટકી શકશે એના ઉપર જોર દેવામાં આવ્યું.

આખા કાર્યક્રમમાં પ્રથમ ગ્રામ-વિકાસ કેન્દ્રનો અર્થ સમજાવ્યો, જેમાં ગામડાના આપણાજ માણસો દ્વારા પોતે પોતાનો વિકાસ કઈ રીતે કરવો? આ પ્રશ્ન આપણને થોડોજ જટિલ લાગે છે. પરંતુ જરા ઊંડાણથી જોવા જઈએ તો આપણા જ ગામના પ્રશ્નોનો જો જાતે જ નિરાકરણ કરી એમાં આગળ આવવાનો પ્રયત્ન કરશું તો જ સાચા અર્થમાં આપણો વિકાસ કહી શકાશે. આજ સુધી ઘણોબધો આધાર બીજા ઉપર રાખવાથી તે શેખચલ્લીના વિચારો સમાન નિષ્ફળ નીવડ્યા છે. તેમાં આપણો સમય-અને નાણાંનો જ વ્યય થાય છે. માંટે વિકાસનું માધ્યમ પોતાનાથી-પોતાના ગામથી જ કરીએ તો આપણી આવનારી પેઢીને પ્રોત્સાહન મળી રહેશે. આપણે જાણીએ છીએ કે આઝાદીનાં પચાસ-પચાસ વર્ષોનાં વહાણા વીતી ગયાં સરકાર પ્રજા માટે ઘણી યોજનાઓ પણ બનાવે છે. છંતા સમાજ આગળ આવવાને બદલે પાછળને પાછળ ધકેલાઈ રહ્યો છે. અથવા તો મળે છે તો જે તે સમાજના આગળ પડતા માણસો જ આનો ઉપયોગ કરતા હોય છે. અને આપણા માણસો આવી યોજના પાછળ આંધળી દોટ મૂકે છે. એક તો શિક્ષણ ઓછું, આર્થિક સધ્ધરતા ઓછી છતાં આ માણસો પોતાની આગવી વસ્તુ મુકીને આ યોજના પાછળ આંધળી દોટ મુકતા હોય છે. સરકાર ઘણું જ સારું કામ કરે છે. પરંતુ તે અડધા રસ્તેથી જ વળાંક લઈ લેતું હોય છે.

ગામડાનો વાસ્તવમાં વિકાસ કરવો હોય તો આપણા માટે આપણે સૌ સાથે મળીને કામ કરશું તો ઘણુ બધુ કામ કરી શકીશુ તથા આપણી સરકારને પણ રાહત થશે. આપણે આ કામ નહીં કરીએ તો એક તો આપણી જમીન દિવસે-દિવસે ટૂંકી થતી જાય છે. પછી એવુ બનશે કે આપણી પાછલી પેઢી માટે મકાન બાંધવા પૂરતી જમીન નહીં. એક બાજુ આપણા ખર્ચાઓ, બીજી બાજુ મોંઘવારી આપણે શું કરી શકવાના? પરંતુ ગ્રામ-વિકાસ કેન્દ્ર દ્વારા એક નવો જ વિચાર આપણી સમક્ષ મૂકવામાં આવ્યો છે. અને એ જ કે આપણો વિકાસ આપણા હાથે કરવો. ગામડામાં એકતા,

કુરિવાજો, વહેમ, અંધશ્રધ્ધા વગેરેને તિલાંજલિ આપવી પડશે નહીં તો પોતાનો ભાઈ-ભાઈ નહી રહે અને જે આપણા બાપ દાદાની મહામૂંડી જે વારસો એકતાનું ભાથું છે. તે પલભરમાં વેર-વિખેર થઈ જશે. એટલે આપણે બધા એક સાથે રહીને જો કામ કરીશું તો દુનિયાની કોઈ પણ તાકાત આપણને નમાવી નહી શકે.

બીજું કે ગામડામાં અપણા ભાઈબંધની આર્થિક પરીસ્થિતિ સારી ન હોય, તે વધારે પડતો દેવામાં ડૂબી ગયેલ હોય તો તે આપણો જ ભાઈ વ્યસનના માર્ગે જતો રહે છે. એને બીજો કોઈ આગળ આવવાનો માર્ગ જ દેખાતો નથી. પરંતુ આ કેન્દ્ર દ્વારા આનો પણ ઉપાય છે. અને એ પણ આપણી પાસે જ છે. એમાંથી અમુક ભાગ બચત કરવી અને એ બચત જ આવનારા વર્ષોમાં મોટું એવું સ્વરૂપ ધારણ કરશે. આજ બચત આપણા બાળકોના શિક્ષણ, ખેતીના કામ માટે, કોઈ હુન્નર, ઉદ્યોગ માટે કામ લાગશે. બચતની ટેવ નથી તો હવે આપણે બચત કરવી પડશે. અરે ! હવે તો કર્યા વગર છૂટકો જ નથી એને આવુ નહીં કરીએ તો આપણુ છે એને પણ આપણે ખોઈ નાખીશું માટે હવે તો ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત ના થાય ત્યાં સુધી એકતા નામના રામબાણને પકડી આગળ ચાલીએ.

ગ્રામ-વિકાસ કેન્દ્રોમાં નીચે મુજબની યોજનાઓ ચાલે છે.

(૧) ભંડોળ ફળીયા (૨) અનાજ બેંન્ક

(૩) અનૌપચારિક સ્કુલ(૪) પાણીની મંડળી

(૫) મધમાખી ઉછેર (૬) ઓર્ગોનિક ખેતી

(૭) નિવેડ

આ બધી જ યોજનાઓ ગ્રામ-વિકાસ સેવા કેન્દ્રમાં આવે છે. એમાં એકતા, વહેમ, અંધશ્રધ્ધા, કુરિવાજો, જુની ન્યાયપધ્ધતિ વગેરેનું કામ ચાલે છે. એનું સાચું માર્ગદર્શન આ ગ્રામ-વિકાસ કેન્દ્રમાંથી મળે છે.



રામપુરા વડલા સાથે વાર્તાલાપ

પ્રશ્ન : આવોરા રૅંમ રૅંમ! કેઠા હા આવો હો? થેમરે નૉમ હું હીં?

ઉત્તર : આજજા રૅંમ રૅંમ સાયેબ. મુ તં રાંમપુરા હૉ આવાં હાં. માર નૉમ તં ધનાભાઈ ભવનાભાઈ ગમાર. માર આઈ રું નૉમ થાવરી બેન.

પ્રશ્ન : ધનાભાઈ, થેમરે કેતરા ભાઈ નં કેતરી બેન હીં? ભૅણીયારાં કેતરાં હીં?

ઉત્તર : માર પાંસ ભાઈ નં પાંસ બૅંને હીં. તીન ભાઈ ભૅણીયારા હૅં. બૅંનો ભણીયારી નૅ હીં.

પ્રશ્ન : ઓ..ઓ..વાહરું કટુમ હીં. થામાં કેતરે હુદી ભૅણીયારા હૅો?

ઉત્તર : મૅં કૉલેઝ હુદી ભણીયારો હું. માર કાકાએ હુજાયું ભૅણવારું. વો આગૅળ ભણીયારો હો તો એ તો મોઈન આગૅળ ભણવારી હીખામેણ આલ્રે. માર વાત માર બૅંને નૅ મૉંની, ભણીયારી નૅ હીં.

પ્રશ્ન : થેમાં આગૅળ હીઅ ન ભૅણીયા?

ઉત્તર : માર ઘર પૈહ્રે નૅબળું હોતું. ઉહ ભણીયા પૈંહ્રા ઘેણા હૉવે. ઉહ મું ન ભણીયો પૅહણ હાવાં મુ પાસું વિસારું હં.

પ્રશ્ન : થેમાં આહ્ર હુ કૅાંમ કેરો હો?

ઉત્તર : હામાં આહ્ર સોહરીયાંર આસરણમાંય સેવારુ કૅાંમ કેરાં હાં.

પ્રશ્ન : થેમરે ભાઈ નં બૅંનો હુ કૅાંમ કેરાં હીં? કેતરી ઝમીં હં?

ઉત્તર : માર બે ભાઈ ભણી હીં, બે ભાઈ ખેતીમ મૅદદ કેરાવી હીં. પનર વીઘા ઝમીં હં. પૉંણી નૅ હૅં.

પ્રશ્ન : થેમાંઈ ખેતે કેરતા આવરે હં?

ઉત્તર : હં માંઈ ખેતે કેરતા આવરે હં નં માંઈ હારું કૅાંમે આવરે હં. કૅાંમમાં શૅરમ નહીં.

પ્રશ્ન : થેમાં પણીઝારો હો? થેમાં ભણીયારી બાયરે હીય ન મળઝી?

ઉત્તર : હં મું પણીઝાર હં માંઈ ભણીયારી બાયરે મૅળતી હૅાંતી, પૅણ માંહી નોકરી નૅ મેળી. માર ઘરે ખેતી કૅાંમ કરવારુ હોવે. ઍભણ બાયરે કૅાંમ કેરે નં ભૅણેલી ખેતી કૅાંમ નૅ કેરે. એથે માં ભણીયારી બાયરે નૅ કેરી હમરે ભૅણેલી સોરી ઓ ઓસી હં.

પ્રશ્ન : તૅં સોરી ભણવારી થેમરે હુ મતલોક હં?

ઉત્તર : સોરી ભૅણે, મોટી થાહે એતરે પેસ પણ્યાવો ઈણારે સોરાં સુદારે. બદાં સોરાં નં ભૅણાવે. આગૅળ આવે. મું માંનું હીં કે સોરા ન ઠેઠ લગણ ભૅણાવો, પેસ

પણ્યાવો. સોરીંઆં નેં ભૌણે તેણ લગણ ગરાહીયા નેં સુદરે.

પ્રશ્ન : થેમરે કેતરી ગાય, ડોબે, બાખરાં હીં? ઉણારું દૂધરું હું કેરો?

ઉત્તર : હમરે સાર ગાય, બે ડોબે, પનરે બાખરો હીં બાદારુ પાંસ લોટી દૂધ હોવે. ખાતા વેંદે ઉણારી હામાં સાહ કેરા ડોલા નેં હોંવે ઉણારે ઘેર લોટી લોટી સાહ આલાં.

પ્રશ્ન : થેમરે ગાંમે ડેરી હં? ડેરી હુ થેમરે ગાંમરાં ન માંણહોને કેયા કેયા ફાયદા હોઝયા?

ઉત્તર : હમરે ગાંમોમાંય ડેરી હં નેં ડેરી હુ હમરે ગાંમેવાળાંઈ ખૂબ લાભ હોઝયો. ખાંણે મેળે, ઠાવો ભાવ મેળે, પનરા દે ને પૈહયાં મેળે, ગાય, ડોબે, કાટી, બાખરાં હાર દવા મેળે ઉણહો ઘેણો ફાયદો હોઝયો હં.

પ્રશ્ન : ખેતે કરેહં ઉણાંર લોઠાં હોવા ઝોઈઝે. થામરે હુ મતલોક હં?

ઉત્તર : ખેતે કરે હં ઉણાર લોઠાં હોવણાં ઝોઈઝે લોઠાં હુ ખાતેર મેળે એ ખાતર ખેતરે મ ખાતર ખેતી હારી હોવે. ઓતરે ખર પૅણ મેળે ગાય, ડોબાનં મોટો હોવે કેલ્યાંપાડાં વેસે, પૈહયા મેળે.

પ્રશ્ન : આહ્ન હેમરી સરકાર હં. થમરે ગાંમેમાય સરકારી કોંમ હીડી હી નેં લાભ હોઝયો હે?

ઉત્તર : હમરે ગાંમમાંય સરકારી કોંમ હોઝયાં હં સરકારી કોંમે હી ઝેણાર ઘરે ન હોતાં ઉણાર ઘરે કીદાં, પાકા રોર કીદા, તેળાવ, સેકડેમ કીદા, ઉહો ઘેણો ફાયદો હોઝયો હં.

પ્રશ્ન : થેમરેં ગાંમેમાંય કેઈ કેઈ રોગ વદારે થાય હીં? થામાં ઊણા રોગોંઈ મટારવા હુ હુ કેરો હો?

ઉત્તર : હમરે ગાંમેમાય તાવ, પેટ હુઈયા, હુલકવા, મોતીસરો, ટીબી, ઘાંહ, ખેંણવા હરખા રોગ વદારે થાય હં. દેસી દવા કેરવા મ આવી હીં, પેહલા ન મેંટે તેં મોટે દેવાખાણે ઝાય. પૈહયા ન હોતે, ઘેણા માંણહો એરાંન થાય. ગામમાય દેવાખાણુ નેં હીં.

પ્રશ્ન : થેમરે ગામેમાંય કેઈ કેઈ ખેરાબી હં? તેં ઉણાઈ દૂરે કેરવા થામાં હુ કહોં હો?

ઉત્તર : હમરે ગામેમાય દારૂ પરેહે, માંણહો પીએ હે, માંહમાંહ ફૂટાય હં, વેરે વદે હં માદે પરે હે, ગુટકા તેંમાખુ વદારે ખાય, સોરીઓ નં બૈઈરે ખાય, દારૂ ગુટકા–ભાંગ વપરાઝી હં માર તે ઈહ કેહેવુ હેં કે એંભણ-અગનાંન માંણહ વાયરે ઈણારા નુકસાન ઝાણતો નેં હીં, એણાંન હમઝણરી ઝેરૂર હં, ઝે ગાંમેમાય વસણવાળે વસતુ વપરાઝી હી. ઉણારે ગામેમાય હમઝણ આલે માર ઘરે નુકસાન કેરવાવાળી વસતુ વપરાઝી નેં હી.

પ્રશ્ન : થેમરે સમાઝમાં બે-સાર બૈરાઓ રાખનારા હં? ઊણામાય થાંમાં હું માં હો?

ઉત્તર : આગલી બૈરીન સોરા ન હોવે, સોરું એકસ હોવે, ઝેણાર ઝમીં નં માલ વદ

હોવેં નં ઘરકાંમ કરવા વાળાં ઓસાં હોવે, ઊણારા બીઝી બૈરે આંણે વો ને બે-તેણ બૈરે હોવે ઊણારે દસે-બારે સૈયા હોવેં. ઈ ભેગા મેળે ન ઘરે કોંમ કેરે ઝગરા વેળે ઘરના સૈયા કોંમે લાગે આગેળ વાહરુ હોંતુ, એવે ઓસુ હં મું ઈ હું માંનું હુ કે ઘરે વેવસથા હોવે, સૈયો-સોરી નેં હોવે, નં ઝરૂર હોવે, તો બીઝી બૈરે લાવણામ વાંદો નેંઈ.

પ્રશ્ન : થેમરે ગામેમાય ભેંણવા ઓસા કે હં?

ઉત્તર : આગેંળ ગામેમાય કે આઝુબાઝુનેહાળ નેં હોતી લોખ બીતા કે ભણવારે નૉમે લડવા મેલે. ઝગળમાં હતાતા રેંતા, કોઈન નેં મેળતા ભેંણવારા ફાયદા નેં ઝાંણતા ઝગળમાં ખાવા-પીવાન મેળતું, શિકાર, રૂખના, ફળાં ખૂબ હોતે ગાંધીરાઝ હોવે હમરે માંણહો નં લાભ નેં લીતો. ગમીતો ભેંણવા લાગા, આગેંળ વદા ન પૈહયાવાળા હોવે આહ્ન મોટા સાયેબ હં, હમરે લોખ હમઝીન ભેંણવા મોકલે એવી ઝીણ આલે હોઈએ.

પ્રશ્ન : થેમરે લોખ સંસકરતી રું કે ઝાંણો હો?

ઉત્તર : હમરે લોખ સંસકરતી ભીલોરા ઝેવી હં. હેંમોન હેમરી વાતેરુ ઘેણું માંન હં. હેંમરી પાંહે પૉણ મુટેરુ વરહાંરુ ઘેન હં. હેંમરે સાધ ન ભોયાઓનં પાંહે ઘેણી ઘેણી કેમતી વાતે હં. પૉણ ઘેણી દખેરી વાતે એ હે કે હેંમારી એ વાતુ નં ભેળી કેરીનં ઊણા ઝગને વેતાળવાવાળો કોઈ કેસલી ઓણી તેંરતી પેંર નં આવો હેમાં ઘેણા ધોખેરાવાળા ગામોમાંય રહો હાં. ઝગળળાં હેંઝાન મેંઝો આવે હં. એવો તો ઝગ બદલો હે. કોઈ સેતારવારુ નેં મેંળુ, એથે ગરાહિયા ભણિયારા નેંહી. બારા નેં પેંરા. હેંમાં હમઝણ કે આવે, થેમાં ઝાંણો છ કે હેંમરી વેંસતી ઓસી હં, ભીલોરી વેંસતી ઘેણી હં. હમરે-ગરાહિયા અબાઝી- આબુરોર વીરળપર મેંઝીકરાં ગાંમેમાં રેંહાં હાં. હેંમો એંસલ રાઝભૂત ગરાહિયા હાં. એહાં બારા નેહી ઝાતા. એંવે હમરી હમઝણ આવે હં. હેંમારે ઓઠે ટીબી નેહી, પૉણ રેરિયા હં. રેરિયામ વાતે હાંમળાં હાં. ભીલોરી વાતુ આવે હે, પૉણ હેંમરે ગરાહિયારી વાતે રેરિયામ આવતે નેંહી. હેવા હેંમો ગીતો ગાઈતો, વાતે-કોણીઓ કેહાં, ભઝન ગાઈતો. હેંમાં હુ હુ કેરા, ઉણેરી વાતે કે હાં. હેંમારુ નાસવારુ ભીલોહી ફેર પેંરેહે, હેંમો નાસાં, વેંગારસાં, લાખરા ન ભારારી મુરત બણાવે, સિતરાં સિતરે, હારૂ આવરે હે. થેમાં હેદા હેદા આવો, હેમા રેંની હારી કેળા કરહાં.

ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

રામપુરા વડલા સાથે વાર્તાલાપ

પ્રશ્ન : આવો, રામ રામ ક્યાંથી આવો છો? તમારું શું નામ છે?

ઉત્તર : રામ, રામ, હું રામપુરાથી આવું છું, મારું નામ છે ધનાભાઈ ભવનાભાઈ ગમાર મારી બાનું નામ છે થાવરીબેન.

પ્રશ્ન : ધનાભાઈ, તમારા કેટલા ભાઈ અને કેટલી બેન છે? કેટલાં ભણેલાં છે?

ઉત્તર : મારે પાંચ ભાઈ અને પાંચ બેન છે. ત્રણ ભાઈ ભણેલા છે, બહેનો ભણેલી નથી.

પ્રશ્ન : અહો, તમારે મોટું કુટુંબ છે. તમે કેટલા સુધી ભણ્યા છો?

ઉત્તર : હું કોલેજ સુધી ભણ્યો છું મારા કાકા ભણેલા હતા તેમણે મને આગળ ભણવાની શિખામણ આપી મારી બહેનોએ મારી વાત ન માની, તે ભણી નહી.

પ્રશ્ન : પછી તમે આગળ કેમ ન ભણ્યા?

ઉત્તર : મારું ઘર આર્થિક રીતે નબળું છે. આગળ ભણવા ઘણી રકમ જોઈએ એટલે ન ભણી શક્યો હવે ભણવાનું વિચારું છું.

પ્રશ્ન : તમે હાલમાં શું કામ કરો છો?

ઉત્તર : હું હાલમાં છોકરીઓની આશ્રમ શાળામાં સેવાનું કામ કરું છુ.

પ્રશ્ન : તમારા ભાઈ-બહેન શું કામ કરે છે? ખેતીની જમીન કેટલી છે?

ઉત્તર : મારા બે ભાઈ ભણે છે. બે ભાઈ ખેતી કરે છે ત્રણ બહેનો પરણાવી છે. બે બહેનો ખેતીમાં મદદ કરે છે. પંદર વીઘા જમીન છે. કૂવામાં પાણી નથી.

પ્રશ્ન : તમને ખેતી કરતાં આવડે છે?

ઉત્તર : હા, મને ખેતી કરતાં આવડે છે. હું બધુ જ કામ કરી શકું છું. કોઈ કામ કરવામાં મને શરમ નથી.

પ્રશ્ન : તમે પરણેલા છો? તમને ભણેલી બૈરી કેમ ન મળી?

ઉત્તર : હા, હું પરણેલો છું. મને ભણેલી બૈરી મળતી હતી, પરંતુ મને નોકરી ન મળી, મારા ઘરે ખેતી કામ કરવાનુ છે. અભણ નારી ખેતી કામ કરે અને ભણેલી સ્ત્રી ખેતીકામ ન કરે એટલે મેં ભણેલી સ્ત્રી પસંદ ન કરી અને અમારા સમાજમાં ભણેલી છોકરીઓ પણ ઓછી છે.

પ્રશ્ન : છોકરીઓને ભણાવવા અંગે તમારો મત જણાવો.

ઉત્તર : છોકરી ભણે, મોટી થાય પછી જ તેને પરણાવી જોઈએ તો જ તેનાં બાળક સુધરે તે તેના બાળકો આગળ આવે હું માનું છું કે છોકરીને ખૂબ ભણાવો પછી જ પરણાવો જ્યાં સુધી છોકરીઆ નહી ભણે ત્યાં સુધી ગરાસિયા સમાજ સુધરશે નહી.

પ્રશ્ન : તમારે કેટલી ગાય, ભેંસ, બકરા છે? તેનું દૂધ શું કરો છો?

ઉત્તર : અમારે ચાર ગાય, બે ભેંસ, પંદર બકરા છે. બધાનું મળીને પાંચ લીટર દૂધ થાય છે. ખાતા વધે તે દૂધને મેળવી છાશ કરીએ છીએ અને આજુ બાજુ જેને દૂઝણું ન હોય તેને લોટો લોટો છાશ આપીએ છીએ.

પ્રશ્ન : તમારા ગામમાં ડેરી છે? ડેરીથી તમારા ગામના લોકોને ક્યા ક્યા ફાયદા થયા છે?

ઉત્તર : અમારા ગામમાં ડેરી છે અને ડેરીથી ગામવાળાઓ ને ઘણા ફાયદા થયા છે. ડેરીમાંથી ખાણ- દાણ મળે, દૂધનો સારો ભાવ મળે, પંદર દિવસે ડેરીના પૈસા મળે, ગાય, ભેંસ, બકરા, બળદ બિમાર પડે તો દવા મળે. આમ ઘણા ફાયદા થયા છે.

પ્રશ્ન : ખેતી કરનારને ઢોર હોવા જોઈએ એમાં તમે શું માનો છો?

ઉત્તર : ખેતી કરવાવાળાને ત્યાં ઢોર હોવાં જોઈએ ઢોરનું ખાતર થાય એ ખાતર ખેતરમાં નંખાય, સારો પાક પાકે સારું ઘાસ મળે. ગાય, ભેંસનાં વાછરડાં પાડાં મોટાં થતાં વેચવામાં આવે તો પૈસા મળે.

પ્રશ્ન : અત્યારે લોકશાહી છે. તમારા ગામમાં સરકારી કામથી શું લાભ થયો છે?

ઉત્તર : અમારા ગામમાં ઘણાં સરકારી કામ થાય છે. જેમને ઘર ન હતા તેમના ઘર થયા છે, ગામમાં પાકા રસ્તા થયા છે, કૂવા, તળાવ, ચેકડેમ કર્યા છે. તેનાથી ઘણો લાભ થયો છે.

પ્રશ્ન : તમારા ગામમાં ક્યા ક્યા રોગ વધારે થાય છે? તે રોગ મટાડવા શું શું કરો છો?

ઉત્તર : અમારા ગામમાં તાવ, પેટના રોગ(ઝાડા), ઊલટી, ટાઈફોઈડ(મોતીજરો),ક્ષય, ઉધરસ,ચામડીના રોગ વધારે થાય છે. દેશી દવા કરવામાં આવે છે જો તેનાથી ન મટે તો મોટા દવાખાને જાય છે. નાણાંની વ્યવસ્થા ન હોવાથી ઘણા માણસો હેરાન થાય છે. ગામમાં દવાખાનું નથી.

પ્રશ્ન : તમારા ગામમાં ક્યાં ક્યાં દૂષણ છે? તેને દૂર કરવા તમે શું કરો છો?

ઉત્તર : અમારા ગામમાં દારૂ પડે છે, માણસો પીએ છે, અંદરો અંદર ઝગડે છે, વેર વધે છે. માંદા પડે છે. ગુટકા- તમાકુ પણ વધારે ખવાય છે. છોકરીઓ અને સ્ત્રીઓ પણ ખાય છે. દારૂ,ગુટખા,ભાંગ વપરાય છે. મારે એ કહેવું છે કે અભણ અજ્ઞાન માણસોને આ વાપરવાથી શું નુકશાન થાય છે તે જાણતા નથી. તેમને સમજણ આપવાની જરૂર છે. જે જે ગામમાં વ્યસનવાળી વસ્તુઓ વપરાય છે, તે ગામમાં સમજણ આપવી મારા ઘરે આવું કોઈ દૂષણ નથી.

પ્રશ્ન : તમારા ગામમાં ચઢેતરુ થાય છે? તેમાં તમે શું માનો છો?

ઉત્તર : હા. અમારા ગામમાં ચઢેતરું થાય છે. કોઈ સમજતા નથી. ચઢેતરાથી ભારે નુકશાન થાય છે. એક મરે છે અને સમાજ તેની સામે સમાજનો આગળ પડતો માણસને મારે છે અને વેર વધે છે. ચઢોતરું બંધ થવું જોઈએ જો બંધ નહી થાય તો અમારા લોકોને મોટું નુકશાન થતુ રહેશે.

પ્રશ્ન : તમારા સમાજમાં બે-ચાર પત્નીઓ રાખવાવાળા છે? તેમાં તમારું શું મંતવ્ય છે?

ઉત્તર : આગળની પત્નીને બાળકો ન થાય, એક જ છોકરી કે છોકરો હોય, જેને જમીન વધારે હોય, અને ઘરકામ કરવાવાળાં ઓછાં હોય તે બીજી પત્ની લાવે છે. તેને-બે ત્રણ પત્નીઓ હોય દસ-બાર બાળકો થાય તે ભેગા મળીને ઘરકામ કરે. ગામમાં ઝગડો થાય તેવા સમયે આ છોકરા સહાયરૂપ બને. પહેલાં આવું ખૂબ થતું હતું હવે ઘણું ઓછું બને છે. હું એ માનું છું કે જો ઘર સુખી હોય, એક પણ બાળક ન હોય અને ખૂબ જરૂર જણાય તો જ બીજી પત્ની લાવવી જોઈએ.

પ્રશ્ન : તમારા ગામમાં ભણેલા સંખ્યાની ઓછી કેમ છે?

ઉત્તર : પહેલા અમારા ગામમાં કે આજુ બાજુના ગામમાં શાળાની વ્યવસ્થા ન હતી. લોકો ને ડર લાગતો કે ભણવાને બહાને લઈ જઈને લડાઈમાં મોકલશે. લોકો જંગલમાં જ રહેતા, સુધરેલા લોકોને મળતા નહી શિક્ષણના ફાયદા જાણતા નહી જંગલમાં ખાવા-પીવાનું ઘણું મળતુ, શિકાર, ઝાડના પાન, ફળ પણ જોઈએ તેટલાં મળતાં સ્વરાજ્ય આવ્યું પણ તેનો લાભ અમારા લોકોએ લીધો નહી ડુંગરીભીલો ભણવા લાગ્યા. આગળ વધીને સુખી સમૃદ્ધ બન્યા, મોટા અધિકારી બન્યા, હવે અમારા લોકો સમજે અને બાળકોને ભણાવે તેવી સમજણ આપીએ છીએ.

પ્રશ્ન : તમારી લોક સંસ્કૃતિનું કઈ જાણો છો?

ઉત્તર : અમારી લોક સંસ્કૃતિ ભીલોના જેવી છે. અમને અમારી સંસ્કૃતિનું ઘણું ગૌરવ છે. અમારી પાસે પણ કંઠસ્થ સાહિત્યનું ધન છે. અમારા સાધુ અને ભોયાઓની પાસે ઘણી ઘણી અમૂલ્ય કથાઓ(વાતો)છે, પરંતુ ઘણા દુઃખની વાત એ છે કે અમારી એ વાતો(કથાઓ)ને એકઠી કરીને વિશ્વની આગળ મૂકવાવાળો કોઈ કલાકાર(સાહિત્યકાર)આ ધરતી પર આવ્યો નથી. અમે ખૂબ જ ઊંડાણવાળા ગામોમાં રહીએ છીએ. અમને જંગલમાં આનંદ આવે છે. હવે જગત બદલાયું છે.(સમય પરિવર્તન થયો છે)પહેલાં કોઈ જગાડવાવાળું ન મળ્યું એટલે ગરાસિયા ભણ્યા નહી. પછી અમને સાચી સમજણ ક્યાંથી આવે? તમે જાણો છો કે અમારી વસતી ઓછી છે. ભીલોની વસતી ઘણી છે. અમારા ગરાસિયા અંબાજી, આબુરોડ અને વીરમપૂરના નજીકના ગામડાઓમાં રહે છે. અમો અસલ રાજપૂત ગરાસિયા છીએ એટલે વતન છોડીને બહાર જતા નથી. હવે અમને અમારી ભૂલો સમજાય છે. અમારી પાસે ટી.વી. નથી, પણ રેડિયો છે. રેડિયાની વાતો સાંભળીએ છીએ. ભીલોની વાતો આવે છે, પરંતુ અમારા ગરાસિયાની વાતો રેડિયામાં આવતી નથી. હવે અમે ગીતો ગાઈશું, વાતો-કથાઓ કહીશું, ભજનો ગાઈશું. અમે જે જે કામ કરીએ છીએ તેની વાતો કહીશું. અમારા લોકનૃત્યો ભીલોથી જુદાં પડે છે

અમે નાચીશું, વગાડીશું, લાકડા તથા પથ્થરની મૂર્તિઓ બનાવીશું, ચિત્રો દોરીશું, તમામ કામ આવડે છે. તતમો રોજે રોજ આવજો, અમો ઘણી સારી પ્રવૃત્તિ કરીશું.



ભાષા : રાઠવી

દાદાહ્‌ની જગે બોનેહ પેણવા જાય

ગુજરાતના ઉગમના વિહતારના વડોદરા જીલ્લાના છોટાઉદાપોર તાલુકામે રાઠવા આદિવાસીઓની વહતી સે. રાઠવા જાતમે ચાર વિહુન તીન જેત્રી ગોત્રો સે. ગોતર ગોતર મે રીત અલેગ અલેગ હોય સે. રાઠવા જાતની ભાભરીયા ગોતરની જોન ખુબ દ નવલ્લી સે. મોટલ્લા ભાગની જોનમે લાડો પેણવા જાય સે. છોટાઉદાપોર તાલુકાના સુરખેડા, અંબાલા, દેવહાંટ, બોપા હરવાંટ ગોમોમે ભાભરીયા ગોતરના લોકુ રેય સે. જાતની ગોત્ર ગોત્રમે વેવા ની થતા પુણ બીજી ગોત્રમે વેવા થાય સે. એતરે બીજા ગોત્રની જોન આવે તે પુણ ભાભરીયાની રીતની જેમ તીમને પુણ બોનેહ પોટી લીકને પેણવા આવે સે. ભાભરીયા ગોત્રમે બીજી ગોત્રની જેમ દ વેવાની રીત સે. પુણ જોનમે લાડાની જગાએ બોનેહ રીત પોટી લીકને કરે એતરુ અલગ સે. પુણ તે હોભરવાને વોચવા જેવુ સે. રાઠવા સુરતનભાઈ ઝુપડાભાઈ રે. બોપાના વેવા કેવીક રીતે થયા હુતા તે કહી લખાવ્યુ. તેયો પુણ પેણવા ની જ્યો ઈની બોનેહ પોટી લીકને પેણવા જેલી.

ભાભરીયા ગોત્રમે તીન, પાંસ નીતે સાત દાડા હુદી વેવા સાલે સે. પેલ્લે દાડે નૌતરા કરવા નીતે તેલ ચડાવવાનો દાહડો કે સે. તે દાડે હવારમે ગોમનો ડાયો અન મોટલા માનહ હવારમે શકન જોવા જાય સે. પીસોટી લીલા ઝાડ પેર દેખાય એત્રે વારુ શુકનથી વેવાના નૌતરા કરે સે. સોખામે હળદેર અન તેલથી મોવીકને જહાં જહાં દેવનું થાનક હોય સાહા-સાહા નૌતરાના સપટી-સપટી મેકીકને નૌતરે સે. હિનાથી હગા-હોદરામે નૌતરા મોકલે સે. તીલીનું તેલ હીહીમે ભરીકને નાળુ બાંધી લાડીને ઘોર બે જણા તેલ આલવા જાય સે. તેવ્યા પાસા આવે એત્રે લાડો બજારમે ઓરવા ઈના જોડીદાર હગાથ જાય સે. હોજે તેલ સડાવવાને લીધે ગોમનો પૂજારો આવે સે. કાદાના હાડલામે તપાવેલા પોણીથી ભાભી લાડાને ફોફવેલ સોખાની સોળીસોળીને ઉઘરાવેથી ગામના બધા લોકુ ભેગા હોયે સેને. બૈયરોને પોરાયો ગીતુ ગાવે સે. ઢોલીયા ઢોલ વગાળે સે. લાડાને પાંસ દાડા આસલ વીસલ કરવાવાળા બે લુડા ને બે લુડીયો રાખે લાડોને લુડાં-લુડીઓ ધરતી માતાને તેલ સડાવે સે. પાસેય માનહ જમણા હાથની બે-બે આગળી બીલખીને નીસે રાખે સે. પૂજારો તેલની ધાર પાડે એતરે હેટેથી ઉપર આગળીઓ ચડાવે સે. પાસ વખત હેહલી રીત કરે સે. પસેન ઘોરમે લાડાને બેહાડીને તીના મુડામે તેલ નાખીને સડાવે સે.

લાડાને પાટલા પેર બેહાડી એક પીસોળીમે પાંસ પાલી ડોંગર નાખીકને લુડા-લુડીઓ સોખા કાઢે સે. ઈને ઘોણ ભરવી કહે સે. જુવારના લોટમે ગોળનું પોણી નાખીકને રોટા બનાવીને સોળી લાડવા કરે સે. પસેન બધા માનહોને નેવોજ આલે

લુડીઓ આખી હળદેરને સપોળા પેર ઘહીકને લાડાના ડીલ પર પીઠી ચોળે સે. મોડી રાત હુદી ટીમલી કુદે સે.

વેવાનો બીજો દાહડો એતરે બાજળાનો દાહડો કહે સે. હવારમે લાડાને આબાનું દાતુણ કરાવે સે. પસેન ઉઘરાવી તેલ સડાવી પીઠી ચોળી લાડાને તીયાર કરે સે. હાથુમાં તલવાર અન નારિયેલ ઘલાવે સે. એક ગાડામે બેહાડી ઉગમણી પાહ જહા ગોમની હદ હોય સાહા લાડાને લેકને જાય સે. બૈયરો લાડા હગાથ ગાડામે ગીતુ ગાવે સે. સાહા જઈકને લુડા લાડાને ખભે બેહાડીને હેટા ઉતારે લુડીઓ લાડાના હાથમે ડાંગર અન પોણી આલે સે. તીન દાહડા ઘમી ધરીને લાડો દાડાને વોંધે સે. ઈને ઓણા કાઢવા અહી કહે સે. હેહલી રીતમે હાજે બુડમણી પાહ જઈકને બુડતા દાડાને વોધે સે. બપોરે બૈયરો ન પોયરો ગીતો ગાવે સે. આદમી માનહ્ બાજળા સીવે સે. હાજે રાત્રે ટીમલી કુદે સે.

હિબોળીન દાડે દાળીની જેમ જ ઉઘરાવે, તેલ નાખે,પીઠી ચોળે, ઓણા કાઢે સે. હાજે આણા કાઢીને વળતી વખતે હિબોળી પૂજવા જાય સે. ગામની હદ પર એક ઝાડ હેઠુ ઘોડાને ઢાબુ મુકીકને હિબોળી માતાનું થાનક હોય સે. જે પોરાયો લુડીઓ હોય તેવ્યેણો મકાઈના લોટમે હળદેર નાખીકને રોટા બનાવીને લાવે સે. હિનાન રોટા હિબોળી માતાને પૂજે સે, ને રોટોનો નેવોજ બધા મોનહૂન આલે સે. ઢોલીયા ઢોલ વગાળે સે અન લાડાને એક લોક ખભા પેર બહાડીકને ગોળ ગોળ ફેરવીકને કુદાળે સે. આમ સાત લોક બદલાયકને લાડાને ઉસકે સે અન કુદાળે આહે - પાહે બૈયરી ગીતો ગાવે સે. લુડીઓ હાથમે ડોંગર આપે સે. તીને લઈકને લાડો ઝાડ ઉપર નાખીકને હાથ જોડે સે. ભાભરીયા ગોત્રમે પોરાયને પેણાવવાની હોય તેર હિબોળી પૂજે સે. લાડાની હિબોળી જાન જાતી વખતે વાટમે.પૂજે સે. રાતે ટીમલી કુદે સે.

બેઠકના દાહડે રોજ કરે તે દ રીતે રીત કરે સે. મોટલા માનહ્ રોધવાનું કોમ કરે સે. નમના દાડે જહાં ધરતીમાતાને તેલ ચડાવ્યું હોય તે દ જગા પોર લાડોને લુડા-લુડીઓ તેલ ઉતારવા ઘુમચો વરે સે. બીલખાની ટીગલી પોર બધા બે-બે ઓગરી મૂકે એનરે પુજારો બોલ બોલીકને તેલ રેડે સે, એતરે બધા ઉપોરથી હેટી ઉતારે સે. ગોતરેળો ભરવાવાળો તે દ ગોત્રનો હોય સે. તે પેણેલો હોય સે. તેની બયરી ધોન ભરેલી ટોપલીના ચોખા કાળે સે. અન રોધે સે. ગોતરેળો ભરવાવાળો કોરી ગાગેર ને નારિયોલ અને ધોરુ ચાખલુ લઈકને કુવે જાય સે. પાંસ ઓટા વધામણું વધાવીને ગાગેરને પોણી ભરીકને પૂજે સે. ગાગેર પોર નારિયોલ ને ચાખલુ મેલીનન ગોતરેળીયો મૂડા પોર મેલીને ટોળે આવે સે. ટોળે લાડો ગાગેરને અન ગોતરેળીયાને વધાવે સે. ઢોલીયા ઢોલી રમે સે. ગોતરેળીયો પૈહા ઢોલીયાને આલે સે. ગોતરેળાની ગાગરને ટોપલીની ઉપર ઘલીએ મેલવામે આવે સે. ઘોરના લોકુ અન ભાભરીયા ગોત્રના બધા લોકુ ઘોરમે વસી આગળ બેહે સે. ગોતરેળીયો, પૂજારો, ડાહા આદમી ગોત્રીજને પૂજે સે. ગોત્રીજ એતરે તે દ ગોત્રનો કુળ દેવ. ખાવા રાધેલુ અન ધોણ ભરેલા ચોખાની ટોપલી પૂજે સે. પસેન નાત ખાય સે. નાતના ખાધા પસેન ગામના લોકુ અન હગાઓ સામના કે આમેરના પોયડામે ખાવા આલવા આવે સે. અન ખાય સે. લાડાને તીયાર

કરીકને બેકડા ઉપોર બેહાડીને લાડાનો બાહ વધાવીને બે વીહન અગિયાર રૂપિયાનો પોહ આલે સે. અન પછેન બધા માનહ પોહ આલે સે. લાડાના હગા મામોહ, ફુવોહ, માસીહ, જીજીહ ઢોલીયા ને મોદોર વગાડીને કુદતા કુદતા પોતાને ઘેરથી આવે સે. તીને મોહાળુ લાવે એવુ કે સે. મોહાળાને લોકો ટોળે વધાવીને માડવે બેહાડે સે.

રાતે બાર વાગે ગોમનો ડાયો કે મોટલો માનહ લાડાને ચાખલા પેરાવીને પાઘડીમે સવા રૂપિયા મેલીને ફેટો બાધા સે. પેટીમે પલ્લા મુકે સે. પોટી એતરે વાહળાની બનાવેલી એક જાતની મોટી ટોપલી સે. ઈની મઈ રોટા ઘાલવા વણવામે આવે સે. ઢોકણું હો હોય સે. જોન તીયાર થઈકને રાતના એક વાગે જાય સે. પોટીમે મકાઈના રોટલા, ચોખા, બંધુ મુકીને લાડાની બોનેહ શણગારીને માથે મુકે સે. બહાર આગણામે લાડાને ખબા પોર બેસાડીને કુદાડે સે. તે પછી સુપડામે ડોંગરમે પૈહો અને ખુટો મુકે સે. અને ઘોરના નળીયા ઉપર મુકે સે. તે પછેન ટોળે જઈને લાડો પોટી લીધેલ બોનેહને તલવાર, શેરો, હાર, નારિયોલ આલીને પેણવા મોકલે સે. તે પછેન લાડો ઘોર રેય સે. જોન જતા રસ્તામે શિબોળે જઈને શિબોળી પૂજે સે. જોનમે એક ગાડુ હોય સે. તીમે બૈયરો અને નાહ્લા પોર્યા બેહે સે. અગોળ પોટી મેલીને લાડાની બોનેહ બેહે સે. તીને લુડીઓ પંખો નાખે સે. લાડીનું ઘોર ઢુકળુ આવે એતરે કુદવાનું બંધ કરીકને ચાલુ ઢોલ વગાળે સે.

લાડી પાહના માનહુ એક ટાટી લઈકને કુદતા કુદતા જોનને ઉતારો આલવા લીધે આવે સે. જહા જોન પાડવાની હોય તો ટીમલી રમે સે. પછેન ટાટી હેટી મેલે સે. તેની ઉપોર લાડાવાળા લાડાની બોનેહને પોટી લઈકને બેહાડે સે. કલવો, અન પોણી પાવ્યા પછેન પલ્લા સુપડામે મેલીને ગોમના પુજારો, ડાયો, પટેલ, સરપંચ બંને પાહથી સરખા વખાણે સે. બે-બે બૈયરો લાડીને તીયાર કરવા જાય બીજી બે બૈયરો ચોરી પાડે સે. બીજી પાહ ટોળે લેય સે. ચોરી બનાવ્યા પછેન ત્યા જાન્યાને ચોરી રૂધવા ડોંગ લીને બોલાવે સે. ટોળેથી કોળીયુ ભાગીને ચોરી પર લાડાની બોનેહને બેહાડે સે. તેની હોબે લાડીને બેહાડી સે. પુજારો પેણાવીને ચોરી ફેરા ફેરવે અન કન્યાદોન કરાવે સે. ઘોરમે જઈકને બાજો બદલે સે. જાનને વરાવતી વખતે લાડીવાળા બધા માનહુ લાડીને ગાડામાં બેહાડવા આવે સે. એમ પેણાવીને હવારે સાત-આઠ વાગે જોનને વરાવે સે. પછેન જોન્યા કુદતા કુદતા ઘોર આવે સે.

લાડાને ઓગણે જોન આવે એતરે લાડો ઘરમેથી બારો આવીને ટોળેથી લાડી હગાથ રાખે સે. ટોળેથી લાડી-લાડાના છેડા ગોઠીને ઘરમે બેસાડે સે. અને એક બીજાને હાથેથી સોપારી છોડાવે સે. છેડા પણ સાત વખત છોડી અન ગોઠો વરાવે સે. ઘોરની ઘલીએ બેહીકને બાજો બદલાવે સે. ઘલી અગોળ બેહાડીને પથ્તરના નીહાતરાનુ પોર્યુ બનાવીને લાડા-લાડી રમાડવા આલે સે. તેવ્યાનું નોમ પણ પાડે સે.

વળી તેની ઉપર પાણી રેડીકને મુતરી ભર્યું કરીકને લાડીને કપડા બદલાવે સે. તેર પછેન લોટામે પોણી લઈને ઘોર ચોફેર સાત વખત ફેરવે સાતમે ફેરે એક બીજાને લોટો મારીને ઝગડો કરે સે. સુપડામે મુકેલા સકન જોવે સે. લાડાને નવી લાડી ઉઘરાવે સે. ચાખલા ધુવે સે. છાણ ઉકળે નાખે સે. નવ્લી લાડી ગોતરેળાની ગાગર લઈને કુવે

જાય સે. સહા જાઈકને ડોંગર વાવીને પોણી પાવે સે. નારીયોલ ફોળી ખોપરુ આલે છે. કુવેથી ગાગર પાણી લાવે તેને લાડો ઉતારીને ઘરમે મુકે સે. એમ વેવા પુરા હો જાય સે. થોડા દાહડામે આણા વારે સે. એતરે કે ટોપલી વારવી એમ કે સે.

હાલના સમયમે બોપા ગોમમે ભાભોરીયા ગોત્રના એકવિહ ઘોર સે. જીમે આઠ ઘોરના લોકુમે પોટી લઈકને પેણવા જવાનો રીત-રીવાજ સે. બાર ઘોરમે ભગત થયા હોવાના લીધે લાડો પોતે પેણવા જાય સે. પોટીએ પેણવાનું કારણ ભાભરીયા ગોત્રનો દેવ કુવારો હોવાના લીધે પોટીએ પેણે સે. આથી વરહોથી ચાલી આવત્લી રીત હાય લુમ હોતી જાય સે.

ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

ભાઈની જગ્યાએ બહેન પરણવા જાય

ગુજરાતના પૂર્વપટ્ટી વિસ્તારના વડોદરા જીલ્લાના છોટાઉદેપુર તાલુકામાં રાઠવા આદિવાસીઓની વસ્તી છે. રાઠવા જાતિમાં ૮૩ ઉપરાંત ગોત્રો છે. જેમાં દરેક ગોત્રમાં રિવાજો થોડા થોડા અલગ હોય છે. રાઠવા જાતિની ભાભરીયા ગોત્રની જાન ખૂબ જ આશ્ચર્ય પમાડે તેવી છે. મોટાભાગની જાતિઓની જાનમાં વરરાજા પોતે પરણવા જાય છે. પરંતુ ભાભરીયા ગોત્રમાં વરની બહેન પોટી લઈને પરણવા જાય છે. છોટાઉદેપુર તાલુકાના સુરખેડા, અંબાલા, દેવહાટ, બોપા, હરવાંટ ગામોમાં ભાભરીયા ગોત્રના લોકો રહે છે. સગોત્ર લગ્નવ્યવસ્થા નથી, બહિર્ગોત્ર લગ્નવ્યવસ્થા છે. એટલે બીજા ગોત્રની જાન આવે તો પણ ભાભ્રારીયા ગોત્રની રીત પ્રમાણે તેમની બહેન પોટી લઈને પરણવા આવે છે. ભાભરીયા ગોત્રમાં બધા ગોત્રોની જેમજ લગ્ન દરમ્યાન દરરોજ વિધિ થતી હોય છે, પણ જાનમાં બહેન બધી વિધી કરે એ જાણવા જેવુ છે. જે રાઠવા [illegible]ભાઈ ઝુપડાભાઈ રે. બોપાનું લગ્ન વર્ણન કહી સભળાવ્યું જે પોતે પરણવા ગયેલ [illegible] પણ તેમની બહેન પોટી લઈને પરણવા ગયા હતા.

ભાભરીયા ગોત્રમાં ત્રણ, પાંચ કે સાત દિવસ સુધી લગ્નોત્સવ ચાલે છે. પ્રથમ દિવસને નૌતરા કરવા અથવા તેલ ચડાવવાનો દિવસ કહે છે. તે દિવસે ગામનો ડાયો અને વડીલો સવારમાં સુકન કાઢવા જાય છે. દેવચકલીના લીલા ઝાડ ઉપર દર્શન થતા સારા સુકનથી લગ્ન-વિધિમાં નૌતરા કરે છે. ચોખાને હળદર અને તેલથી મોવીને જ્યા જ્યા દેવનું થાનક હોય ત્યાં ત્યાં નૌતરાના ચોખા ચપટી-ચપટી મુકીને નૌતરે છે. તેમાંથી જ સગા સંબંધીમાં મોકલવાના નૌતરા બનાવે છે. તલના તેલ શીશીમાં ભરીને [illegible] બાંધી કન્યાને આપવા બે વ્યક્તિને મોકલે છે. તેલ આપવા ગયેલા માણસો પાછા આવે એટલે વર બજારમાં ખરીદી કરવા મિત્રો સાથે જાય છે. સાંજે તેલ ચડાવવા માટે ગામના લોકો ભેગા થાય છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. ઢોલીયા ઢોલ વગાળે છે. આંગણામાં તીર રોપીને પ્રથમ ધરતીમાતાને વધાવે છે. વરરાજાના પાંચ દિવસના [illegible] બે છોકરીઓ અને બે છોકરા નીમવામાં આવે છે. વરરાજા લુંડા અને લુંડીઓ એમ પાંચ વ્યક્તિ ધરતીમાતાને તેલ ચડાવે છે. પાંચેય વ્યક્તિ એક સાથે જમણા

હાથની બે-બે આંગળી તીરની નીચે રાખે છે. પુજારો તેલની ધાર પાડતા ઉપર તરફ ચડાવે છે, આમ પાંચ વખત કરે છે. પછી ઘરમાં વરને બેસાડીને તેના માથામાં તેલ નાખીને ચડાવે છે.

વરરાજાને પાટલા ઉપર બેસાડી એક ચાદરમાં પાંચ પાલી ડાંગર નાખી લુંડા લુંડીઓ ચોખા કાઢવાની વિધી કરે છે આને ઘોણ ભરવી કહે છે. જુવારના લોટમાં ગોળનુ પાણી નાખીને રોટલા બનાવી તેને ચોળીને લાડુ બનાવે છે. તે બધા લોકોને પ્રસાદી આપે છે. લુડીઓ આખી હળદરને પથ્થર ઉપર ઘસીને વરના શરીર ઉપર પીઠી ચોળે છે. મોડી રાત સુધી ટીમલી નૃત્ય ચાલે છે.

લગ્નનો બીજો દિવસ એટલે બાજળાનો દિવસ કહે છે. સવારમાં વરને આંબાનું દાતણ કરાવે છે. નવડાવી તેલ ચડાવી પીઠી ચોળીને વરરાજાને તૈયાર કરે છે. હાથમાં તલવાર અને નારિયેળ હોય છે. એક ગાડામાં બેસીને પૂર્વ દિશામાં જ્યાં ગામની હદ હોય ત્યાં વરરાજાને લઈ જાય છે. જેમાં ઢોલીયા સાથે ઘણા બાળકો યુવાનો નાચતા નાચતા જાય છે. સ્ત્રીઓ વર સાથે ગાડામાં ગીતો ગાતી હોય છે ત્યાં પહોચીને લુંડા વરને ઉચકીને નીચે ઉતારે છે. લુંડીઓ વરના હાથમાં ચોખા અને પાણી આપે છે. તે સૂર્ય તરફ ધરીને વરરાજા સૂર્યને નમન કરે છે, તેને ઓણા કાઢવા આવુ કહે છે. આ પ્રમાણે સાંજે પણ પશ્ચિમ દિશામાં જઈને આથમતા સૂર્યને પૂજે છે. બપોરે સ્ત્રીઓ ગીતો ગાય છે. યુવાનો અને વડીલો બાજો બનાવે છે. રાત્રે સહુ ભેગા મળીને ટીમલી નૃત્ય નાચે છે.

શિબોળીના દિવસે દરરોજની માફક નવડાવે, માથામાં તેલ નાખે,પીઠી ચોળે અને ઓણા પણ કાઢે છે. સાંજે ઓણા કાઢીને પાછા આવતી વખતે શીબોળી પુજવા જાય છે. ગામની સરહદ પર એક ઝાડ નીચે દેવી હોય છે. જેનુ નામ શિબોળી છે. ગામનો પૂજારો વધામણુ લઈને આવે છે. જે છોકરીઓ લુંડીઓ હોય તે મકાઈના લોટમાં હળદર નાખીને રોટલા બનાવે છે. તે શિબોળીમાતાને પૂજે છે અને સહુ લોકોને પ્રસાદ આપે છે. ઢોલીયા ઢોલ વગાડે છે અને વરને એક વ્યક્તિ ખભા ઉપર બેસાડીને ગોળ-ગોળ ફેરવીને નચાવે છે. આમ સાત વ્યક્તિ બદલાય છે ને ઉચકે છે, અને નચાવે છે. આજુ બાજુ સ્ત્રીઓ ગીતો ગાય છે લુંડીઓ હાથમાં ચોખા આપે છે. તે લઈને વર ઝાડ ઉપર ફેકીને હાથ જોડે છે. ભાભરીયા ગોત્રમાં છોકરીને પરણાવવાની હોય તો શિબોળી કરવામાં આવે છે. વરની શિબોળી જાન જતી વખતે રસ્તામાં કરવામાં આવે છે. મોડી રાત સુધી ટીમલી નૃત્ય નાચે છે.

બેઠકના દિવસે દરરોજની માફક જ દૈનિક વિધીઓ કરે છે. વડીલો સવારમાં રસોડામાં કામ કરે છે. નમતા બપોરે જે જગ્યા ઉપર ધરતીમાતાને તેલ ચડાવ્યું હોય છે, તે જગ્યા ઉપર વરરાજા અને લુંડા-લુંડીઓ તેલ ઉતારવા ભેગા થાય છે. તીરના ઉપરના ભાગે સહુ આંગળીઓ મુકે છે. પૂજારો મંત્રો બોલીને તેલ રેડે છે, એટલે બધા તીરની નીચેની તરફ આંગળીઓ સરકાવીને તેલ ઉતારે છે. ગોત્રેળો ભરવા જે તે ગોત્રની જ એક પરણેલ વ્યક્તિ તૈયાર થાય છે. તેની પત્ની ઘોણ ભરેલી ડાંગર ખાંડીને ચોખા કાઢે છે, અને રાંધે છે. ગોત્રેળો ભરનાર માણસ એક કોરી(નવી) ગાગર અને નારિયેળ અને સફેદ કાપડ લઈને નાચતા-કુદતા કુવે જાય છે. કુવા ઉપર ગોત્રેળો

ભરનાર વ્યક્તિ સ્નાન કરે છે. વધામણું કરીને વધાવીને ગાગરમાં પાણી ભરીને જળદેવીની પૂજા કરે છે. ગાગર ઉપર નારિયેળ અને સફેદ કાપડ મુકે છે અને ગોત્રેળો ભરનાર માણસ ઉચકીને લાવે છે. સહુ લોકો નાચતા ગાતા આવે છે. વરરાજા ટોળે આવીને ગાગરને વધાવે છે. ઢોલીયા ઢોલી રમીને ગોત્રેળો ભરનાર માણસ જોડે રાજીખુશીથી પૈસા માગે છે. ગોત્રેળાને ઘલી આગળ ડાંગરની ઢગલી ઉપર મુકવામાં આવે છે. ઘરના માણસો અને ભાભરીયા ગોત્રના બધા લોકો ઘરમાં ઘલી આગળ બેસે છે. પૂજારો અને વડીલ લોકો ગોત્રીજને પૂજે છે. ગોત્રીજ એટલે તે ગોત્રનો કુળદેવ. જમણવારમાં બનાવેલી રસોઈ અને ઘોણ ભરેલા ચોખાનું ભાત પૂજે છે. સૌ પ્રથમ ઘરના તથા ગોત્રના લોકો જમે છે. તેને નાત ખાવુ એવુ કહે છે. નાતના જમણવાર પછી ગામના બધા લોકો અને સગા સ્નેહીઓ સાગના કે ખાખરના પાન કે બાજમાં જમે છે. વરરાજાને તૈયાર કરીને ખુરશી ઉપર બેસાડી વરનો બાપ વધાવીને ૫૧ રૂપિયાનો ચાંદલો કરે છે ત્યાર પછી બધા લોકો ચાંદલો કરે છે. ચાંદલાને પોહ આપવી એવુ કહે છે. વરના નજીકના સગાઓ જેવા કે બહેન, ફોઈ, મામા, માસી વગેરે લોકો પોતાને ત્યાંથી ઢોલીયા અને મોદોળ લઈને આવે છે. ફળિયાના લોકો એકસાથે નાચતા ચાલતા આવે છે. મોસાળીયાઓને વર ટોળે આવે તો વધાવે છે. અને સ્વાગત કરે છે.

રાત્રે બાર વાગ્યે ગામનો ડાયો કે વડીલ વ્યક્તિ વરને કપડાં પહેરાવી પાઘડીમાં સવા રૂપિયો મુકીને પાઘડી બાધે છે. એક પેટીમાં ઘરેણા અને કન્યાને આપવાનું પલ્લુ તૈયાર કરે છે. પોટી એ વાસની પાતળી ચીપ્સમાંથી બનાવેલું એક રસોડામાં રોટલા મુકવા માટેનું વાસણ છે. જે દોઢ ફુટ જેટલુ પહોળુ અને પોણો ફુટ ઉચું ગોળ આકારમાં હોય છે. તેના ઉપર વાસમાંથી બનાવેલું ઢાકણ હોય છે.


જાન તૈયાર થઈને લગભગ રાતના એક વાગ્યે નીકળે છે. પોટીમાં મકાઈના રોટલા ચોખા વગેરે મુકીને વરની બ્રહેનને શણગારીને માથે મુકાવે છે. બહાર આંગણામાં વરને ખભા ઉપર બેસાડીને નચાવે છે. આ વિધિ પછી એક સુપડામાં ડાંગર મુકી તેમાં એક સિક્કો અને ખુટો મુકીને ઘર ઉપર મુકે છે, ત્યાર પછી ટોળે જઈને વરરાજા પોટી વાળી બહેન ઉપર સેરો, હાર, તલવાર, નારિયેળ આપીને જાનને વિદાય આપે છે. તે પછી વર ઘરે જ રહે છે. જાનમાં જતા રસ્તામાં ગામની હદ પુરી થતા ત્યાં શિબોળી પુજે છે. જાનમાં એક ગાડુ હોય છે. તેમાં સ્ત્રીઓ અને નાના બાળકો બેસે છે. આગળ પોટી મુકીને વરની બહેન બેસે છે, તેને લુંડીઓ પંખો નાખે છે. કન્યાપક્ષના ઘર નજીક નાચવા કુદવાનું બંધ કરે છે. અને સાદા ઢોલ વગોળે છે. તેને ચાલુ ઢોલ વગાળવું એવુ કહે છે.

કન્યાપક્ષેથી એક ટાટી લઈને નાચતા કુદતા જાનને ઉતારો આપવા માટે આવે છે. જ્યાં જાનને ઉતારો આપવાનો હોય તે જગ્યા ઉપર આવીને ગોળ-ગોળ ટીમલી નાચે છે. પછી ટાટી નીચે મુકે છે. ટાટી ઉપર જાનૈયા પોતે લાવેલ ગોદડી પાથરીને વરની બહેનને બેસાડે છે. કલવો ખવરાવ્યા બાદ પલ્લુ સુપડામાં મુકે છે. ગામનો પૂજારો ગામનો ડાયો, પટેલ, સરપંચ, વડીલો બંને પક્ષના સરખા થઈને ઘરેણા(પલ્લુ) વખાણે છે. બીજી તરફ બે-બે સ્ત્રીઓ ચોરી બનાવે છે. બીજી તરફ વરની બહેનને ટોળે લાવે છે. ત્યાં કન્યાની માતા વધાવીને કોડીયું ભંગાવે છે. ચોરીની રખેવાડી કરવા માટે બે

વ્યક્તિઓ ડાંગ ગોઠવીને ઉભા રહે છે. વરની બહેનને ચોરી પર બેસાડે છે, અને સામે કન્યાને બેસાડે છે. પોટીને પગ આગળ વરની બહેન રાખે છે. વરની જે જે વિધી આવે તે વરની બહેન કરે છે, ત્યાર પછી કન્યાદાન સ્વીકારે છે ઘરમાં જઈને બાજો બદલે છે. જાનને વિદાય આપતી વખતે કન્યાપક્ષેથી સહુ લોકો કન્યાને ગાડામાં બેસાડવા આવે છે. આમ સવારના સાત કે આઠ વાગ્યે કન્યાને વિદાય આપે ત્યાર પછી જાનૈયા નાચતા ઘરે આવે છે.

વરરાજાને આંગણે જાન આવે એટલે વરરાજા ટોળેથી બહેન પાસેથી તલવાર, નારિયેળ, હાર લઈ લે છે, અને ત્યાંથી પછી તે બધી વિધીમાં સામેલ થઈ જાય છે. આ વખતે વિધીમાંથી બહેનને મુક્તિ મળે છે. વર અને કન્યાને ઘરમાં બેસાડીને એક બીજાને મીઢળ છોડાવે છે, અને ગાંઠ બંધાવે છે. ઘરમાં જઈને બાજો બદલાવે છે અને ખવરાવે છે. પથ્થરના નિહાત્રાનું બાળક બનાવી તે વરને અને કન્યાને રમાડવા આપે છે. તેનું નામ પણ રખાવે છે. ત્યાં વળી કોઈક પથ્થર ઉપર પાણી રેડીને છોકરાએ એકી કરી આમ કરીને કપડાં બદલાવે છે. આ પછી બંને કોસમાં ઘરની પ્રદિક્ષણા કરાવે છે. ઘર ઉપર મુકેલા સુપડામાંથી સુકન જોવડાવે છે. નવી આવેલી વહુ વરને નવડાવે અને કપડાં ધુવે છે, ત્યાર પછી ઘરમાંથી વાસીદુ વળાવે છે. આ બધા કામો સાચે જ કરવાના નથી હોતા પણ રીતમાં પાંચ કે સાત વખત કરાવે છે. નવી વહુ ગોત્રેળાની ગાગર અને નીચે મુકેલી ડાંગરની ઢગલીને લઈને કુવે જાય છે. કુવે જઈને એક જગ્યા ઉપર ડાંગરને વાવે છે, પછી તેના ઉપર ગાગરનું પાણી પાવે છે. વરનાં હાથનું નારિયેળ વધેરીને પ્રસાદી આપે છે. નવી વહુ ગાગર પાણી કુવેથી ભરીને લાવે છે તેને વર માથા ઉપરથી ઉતારી ઉચકીને ઘરમાં મુકે છે. આમ લગ્ન થયાના થોડા દિવસોમાં વારાફરતી બંને પક્ષેથી આણા વળાવે છે, અને બધા સગા જતા આવતા થાય છે.

વર્તમાન સમયમાં બોપા ગામમાં ભાભરીયા ગોત્રના ૨૦ જેટલા કુટુંબો છે. જેમાં હાલ ૮ કુટુંબમાં પોટીએ પરણવાનો રીવાજ છે. ૧૨ જેટલા કુટુંબો ભગત થયા હોવાથી વરરાજા પોતે જ પરણવા જાય છે. પોટીએ પરણવાનું કારણ કુળદેવ કુંવારો હોવાનું જાણવા મળે છે. આ વર્ષોથી ચાલી આવતી પરંપરા હાલ લુપ્ત થતી જાય છે.



ભાષા : ભાંતુ

દબાણ ખસેડો ઝૂંબેશા કોર્પોરેશનાન મ્હારકુ ભીખ માંગતે કહી દીએ.

૨૦૦૪ મ કોંગ્રેસ સરકાર કા પહેલા બજેટ પડ્યા. ઉસ-મ ગુજરાત્તા ખાતર તો કાંઈ ખાસ કડ થીયા અમદાવાદા કુ ઈસ બજેટામ મેગાસીટી જાહેર કરી. ઈસ જાહેરાતા કે કારણ અમદાવાદા કીયા ઝૂપડીયાઁ હટાઈકર રસ્તે બડે કર-ણ અન બહીયાઁ બીલ્ડીંગા બનાવ-ણ કા કામ યુધ્ધા કે ધોરણગા વ શરૂ હોઈ ગયા. ઈસ કામ્મા કે શરૂઆત્તામ જ ગુજરાત્તા કે મુખ્યમંત્રીઆ કે મતવિસ્તાર યાની ક મણિનગરામ છેલ્લે ૪૦ બરસ સ ન્હાનીયા ઝૂપડીયમ રહણેવાલે સાઁસી લોગ્ગ કુ સબ-સ વધા-ર તકલીફ પડી.

ઈદદા તો સન ૧૯૯૮ સ ઈનકીયા ઝૂપડપટ્ટીયાઁ ૬ ફેર-ર ટૂટ્ટી ગયા. પણ ઈસ જાહેરા-તા કે બાદ ઈનકીયા ઝૂપડીયાઁ જરા વધા-ર ફેરર ટૂટ-ણ લાગ્યા. ઈસ બાતા ફૂ લેઈ કર મેં ઈસ બસ્તીયામ રહતે એક આશાવાદી જવાન મુકેશ સાઁસીયાસ બાત કરી. મુકેશાન અપણે ટૂટ્ટોડીયાઁ ઝૂપડીયાઁ સામ્મ બેસી કર બાત કરી.

''હમ કુલ સાત ભાઈ હ મ્હારે સાત ભાઈ-અ કે પરિવાર કુલ ૪૨ માણસ હ. જે ભાસસ્તા કે અલગ-અલગ ભગ્ગમ રહતે હ.

મમ્હારે બાપ-દાદદે એક જગ્યા સ દૂસરે જગ્યા ફીર્રી કર ધંધા કરતે થીએ . હમ ભી ઉસી ધંધેમ લાગ્ગી ગયે. આજકાલ હમ નકશે બેસ્સી કર મ્હારા ગુજરાન ચલાવતે હ. મ્હારે ટાબર. નીશાળી મ કડ જાત્તે હ, પણ હમ દુનિયા કે ટાબ-ર કુ એ ભી સી-ક્કે- જાનવરે કે નામ વગેરે જૈસે ચાર્ટ બેચી કર ઉનકા જ્ઞાન વધારતે હ. હૂ ઈસ કામ્મામ છેલ્લે ૧૪ બરસસ હ. હૂ સવા-ર ૧૦ બજ-સ લેઈકર સાંજા કે સાત બજ-જ સુધી અમદાવાદ શહેર્ામ ફીરી કર રોજા કે ૫૦ સ ૧૦૦ રપીએ સુધી કી કમાણી કરી લેતા થીઆ. હમ જડ રહતે હ ઉસ જગ્યા કુ પેંડા કહતે હ. હુ ઈસ વેડેમ [illegible] -જ રહેતા હ. મ્હારે બુઝુર્ગ જબ ઐઠ આઈકર બસ્સે તબ-સ લેઈ કર ૧૯૯૮ કે બારમે મહિને કી ૨૩ તારીફયા સુધી હમ ઘણે-જ શાંતીયાસ મ્હારા જીવન બીતાઈ રહે થીએ. ઈસ દિન પહેલી બાર કોર્પોરેશનાન મ્હારીયા ઝૂપડીયાઁ તોડી દીયા અન મ્હારન ફૂ શહેર છોડ્ડી દ-ણ કી ધમકી દી. તબસ-સ લેઈકર આજ સુધી લગભગ ૧૪ સ ૨૦ ફેરર મ્હારીયા ઝૂપડીયાઁ તોડી દણમ આયા. પહે-લ તો ઝૂપડીયાઁ તૂટી જાણ કે બાદ લગભગ હજાર રપીએમ નવી ઝૂપડી ઉભી હોઈ જાતી થી.ક્યોકી થોડા ઘણા ટૂટ્ટોડા સામાન ભી હમ ઉપયોગ્ગામ લેઈ લેત્તે થીએ. પણ ૨૦૦૪ કે બાદ તો ઝૂપડી ફેરસુન બનાવ-ણ લગભગ અસંભવ હોઈ ગવડા હ. ૨૦૦૪ સ લેઈકર આજ સુધી મ્હારીયા ઝૂપડીયાઁ લગભગ પાંચ ફે-ર તોડી દીયા. એક પે-ર નવી ઝૂપડી [illegible] અંદાજીત ખર્ચો ૧૦૦૦ સ ૧૫૦૦ રૂપિયે કા હોતા હ. જો ઘડી-ઘડી

કર-ણા અસંભવ હ. મેરી આખી બચત તો ઈધાઈ ઝૂપડી બનાવ-ણમ જ ખલાસ હોઈ ગઈ . આજ ભી મકુ મેરે છે ટાબ-ર કુ, અને મેરીયોં બૈરી કુ રહ-ણ ખાતર ઘર કડ હ. અન મેરે સાથ્થી લગભગ ૬૦૦-૭૦૦ માણસ ઈસી તરહ સ રોડ્ડા પર આપણા જીવન કાઢી રહે હ.

મ્હારે બુઝૂર્ગ વિચરતા-ભટકતા જીવન જીવ-ણ કુ મજબુર થીએ. બે કડી એક જગ્યા આપણ્ણ ઘર તો બનાવતે થીએ જ નાહી. આજ સ લગભગ ૪૫-૫૦ બર-સ પહેલે જબ બે કડી-સ ઘૂમતે-ઘૂમતે ગૂજરાતા કે સબસે બડે શહર અમદાવાદમ આયે તો ઉનકુ લાગ્યા કે ઈસ શહેરામ મ્હારન કુ રોજી -રોટી અચ્છી તરહ સ મીલતી રહંગડી. જીદ પે અમદાવાદા કે મણીનગરાકે ઝગ્ગડીયા પુળાકે નીચે રહ-ણ લાગ્યે. જોડીમ જ રેલ્વે સ્ટેશન હો-ણ કે કારણ ઉનકુ કડી જાણકા રહતા થીઆ તો આસાની હોતી થી.

હમ મૂળ રાજસ્થાનના કે રહેવાસી હ, હમ રાજસ્થાનના કે 'ચીડાવાડી' જીલ્લે કે 'ઝૂંઝણ' ગામડે કે રહ-ણ વાળે હ-મ્હારે બુઝુર્ગ રાજસ્થાન -સ કબ નીકળે ઉસકી તો મકુ ખબર કડ હ, પણ આજ ભી ઉસ ગોંવ્વામ મ્હારે ઘણે સંબંધી રહતે હ. પણ મ્હા-ર તો અબ અપણા જીવન ઈસી શહેરા-મ જ કાઢન-કા. આજકાલ મેરા ઘણા ટાઈમ તો કોર્પોરેશના કે ચક્કર લગાવણમ અન દૂસરે લોગ્ગો કુ કોર્પોરેશનના કે સાહેબા કી બાત સમજાવણ મ જ ચલ્યા જાત્તા હ.

ઘર ભી કડ હ અન ધંધા ભી કડ હ. ધંધે કે કામ્મા ક લીએ મકુ ઘણીફેરે ૧૦-૧૫ દિને બહાર ભી રહણ પડતા હ. પણ જબ-સ ઝૂપડીયા ટૂટ-ણ શરૂ હુઆ તબ-સ મેં બહાર જાણ્ણ બંધ કરી દીઆ. ક્યોંકી ઝૂપડીયાઁ તોડ-ત ટાઈમ કોં. અપણે સાથ્થી પોલીસ ભી લ્યાવતી હ, જો ટાબ-ર અને બૈરી સાથ્થીઘણા જ ખરાબ બર્તાવ કરતી હ. હુ બહાર ગવડા હોઈ અન કો.

બોલીઆ સાથી આઈ જાવ તો મેરી બેર ઘરા કા સામાન સંભા-ળ, ટાબ-ર કુ સંભા-ળ કુ ખૂદ સંભ-ળ કાઁ. ના કે ઈસ 'દબાણ ખસેડો' ઝૂંબેશા-ન તો હુમકુ ભીખ માંગતે કરી દીએ હ.

હા....વ.......આજકાલ મેરી બેરી આસપાસ્સા કે વિસ્તારામ ભીખ માંગી કર કાંઈ ૨૦-૩૦ રપિએ લ્યાવતી હ, જીસ કસ ટાબ-ર કુ એક ટાઈમા કા ખાણા નસીબ હોતા હ.

હુ છે ટાબ-ર કુ લેઈ કર ટૂટોડીયાઁ ઝુપડીયાઁ કે સામે બૈઠા રહતા હુ ...... અન ધ્યાન રાખતા હ.......ક....કડી પોલીસ્સાકી ગાડી તો નાહી આઈ રહી હન....."

અંગ્રેજી લેખનું ગુજરાતી અનુવાદ

દબાણ ખસેડો ઝૂંબેશ કોર્પોરેશને અમને ભીખ માંગતા કરી દીધા છે

વર્ષ ૨૦૦૪માં કોંગ્રેસ સરકારનું પ્રથમ વાર્ષિક બજેટ બહાર પડ્યું. તેમાં ગુજરાત માટે કાંઈ ખાસ નહોતુ પણ અમદાવાદને આ બજેટમાં મેગાસીટી જાહેર કરવામાં આવી. આ જાહેરાતને કારણે અમદાવાદની ઝૂંપડીઓને હટાવીને કોર્પોરેશને નવા રસ્તા બનાવવા અને નવી ઈમારતોનું નિર્માણ કરવાનું કામ યુધ્ધના ધોરણે શરૂ કર્યુ.આ કાર્યની શરૂઆતમાજ ગુજરાતના મુખ્યમંત્રીનાં મતવિસ્તાર મણિનગરમાં છેલ્લા ૪૦ વર્ષોથી નાનકડી ઝૂંપડીઓમાં રહેતા સાઁસી સમાજના લોકોની ઝૂંપડીઓ તોડી પાડવામાં આવી. એમ તો ૧૯૯૮થી ૨૦૦૪ સુધીમાં તેમની ઝૂંપડીઓ લગભગ છ વખત તોડવામાં આવી, પણ આ જાહેરાત બાદ આ જરાક વધારે વાર તોડવામાં આવી. આ વાતને લઈને મેં આ વસ્તીમાં રહેતા એક આશાવાદી યુવાન મુકેશ સાઁસી સાથે વાત કરી મુકેશે પોતાની તૂટી ગયેલી ઝૂંપડી સામે બેસી મારી સાથે વાતો કરી.

"અમે કુલ સાત ભાઈઓ છીએ. અમારા આ કુટુંબમાં ૪૨ માણસો છે. જે ભારતના અલગ અલગ ભાગોમાં રહે છે. અમારા પૂર્વજો એક સ્થળેથી બીજા સ્થળે ફરીને ધંધો કરતા હતા અમે પણ તેજ ધંધામાં લાગી ગયા. આજકાલ અમે નકશા વેચવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવીએ છીએ. અમારા બાળકો તો ક્યારેય સ્કૂલમાં નથી ગયા, પણ અમે દુનિયાના બાળકોને એ.બી.સી......ક.ખ.ગ.......જાનવરોના નામ ...... વગેરે જેવા ચાર્ટ વેચીને તેમના જ્ઞાનમાં વધારો કરીએ છીએ. હું આ કામમાં છેલ્લા ૧૪ વર્ષથી લાગી ગયો છું. હુ સવારે ૧૦ વાગ્યાથી માંડી સાંજે ૭ વાગ્યા સુધી અમદાવાદમાં ફરીને રોજના લગભગ ૮૦થી ૧૦૦ રૂપિયા જેટલી કમાણી કરી લેતો હતો. અમે જે વસ્તીમાં રહીએ છીએ તેને 'પેડા' કહેવામાં આવે છે. હુ આ 'પેડા' માં જન્મથી જ રહુ છુ.

અમારા વડીલો અહી આવીને વસ્યા ત્યારથી માંડી ૧૯૯૮નાં ડીસેમ્બર માસની ૨૩ તારીખ સુધી અમે અહીં શાંતિથી રહેતા હતા. પણ આ દિવસે પ્રથમ વખત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અમારી ઝૂંપડીઓ તોડી નાંખી અને અમને શહેર છોડી જતા રહેવાની ધમકી આપી, ત્યારથી માંડી આજ સુધી લગભગ ૧૫ થી ૨૦ વખત અમારી ઝૂંપડીઓ તોડી નાંખવામાં આવી છે. પહેલા તો ઝૂંપડીઓ તૂટ્યા બાદ લગભગ હજારેક રૂપિયામાં નવો સામાન લાવી અમે ફરીથી ઝૂંપડી બનાવી લેતા હતા, પણ ૨૦૦૪ પછી તો ઝૂંપડી ફરીથી બનાવવી લગભગ અશક્ય થઈ ગઈ છે. ૨૦૦૪થી આજ સુધી અમારી ઝૂંપડીઓ લગભગ પાંચ વખત તોડવામાં આવી છે. એક વખત બનાવવામાં અમને ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે, જે [illegible] કરવો અશક્ય છે.અમારી તમામ બચત તો આ રીતે ઝૂંપડી બનાવવામાં જ જતી રહે છે.આજે પણ મારી પાસે, મારા છ બાળકો પાસે કે મારા પત્ની પાસે રહેવા માટે ઘર નથી. અમે અને અમારા જેવા લગભગ ૬૦૦થી ૭૦૦ માણસો આવી જ

રીતે રોડ ઉપર પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છીએ.

અમારા વડીલો વિચરતુ-ભટકતુ જીવન જીવવા માટે મજબુર હતા. તેઓ કોઈ એક જગ્યાએ પોતાનું મકાન બનાવીને નહોતા રહ્યા. ભટકતા-ભટકતા તેઓ જ્યારે ગુજરાતનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આવ્યા ત્યારે તેમને લાગ્યું કે અહી તો રોજી-રોટી સહેલાઈથી મળી રહેશે માટે તેઓ અમદાવાદનાં મણિનગર વિસ્તારમાં આવેલા ઝગડીયાપુલની નીચે રહેવા લાગ્યા. પાસે જ રેલ્વે સ્ટેશન હોવાને કારણે તેમને કયાંક જવું હોય તો સહેલાઈ રહેતી હતી.

અમે મૂળ રાજસ્થાનના રહેવાસી છીએ. રાજસ્થાનનાં 'ચીડાવાડી' જીલ્લાનુ ઝુંઝણુ ગામએ અમારુ મૂળ વતન છે. અમારા વડીલો રાજસ્થાનથી ક્યારે નીકળ્યા તેની તો મને જાણ નથી પણ હજી સુધી તે ગામડામાં અમારા સંબંધી રહે છે.

પરંતુ અમારે તો પાતાનું જીવન હવે અહીંયા, આ જ શહેરમાં વીતાવવું છે. આજકાલ મારો માટાભાગનો સમય કોર્પોરેશનના ધક્કા ખાવામાં અને ત્યાના સાહેબોની વાતો મારા લોકોને સમજાવવામાં જ જાય છે. આજે મારી પાસે ઘર નથી કે ધંધો પણ નથી, ધંધા માટે ઘણી વખત ૧૦-૧૫ દિવસ શહેરથી બહાર જવું પડે તેમ બનતું પણ જ્યારથી ઝૂંપડીઓ તૂટવાની શરૂઆત થઈ ત્યારથી મેં બહાર જવું બિલકુલ બંધ કરી દીધુ છે. કારણ કે ઝૂંપડીઓ તોડતી વખતે કોર્પોરેશન પોતાની સાથે પોલીસ પણ લાવે છે, જે બાળકો અને બૈરાઓ સાથે બહુ જ ખરાબ વ્યવહાર કરે છે. હું બહાર ગયો હોઉ અને જો આવું થાય તો મારા પત્ની કોને-કોને સંભાળે ઘરના બાળકોને કે પોતાને !

આ દબાણ ' ખસેડો ઝૂંબેશ' તો અમને ભીખ માંગતા કરી દીધા છે.

હા.......આજકાલ મારા પત્ની આસપાસના વિસ્તારોમાં ભીખ માંગીને ૨૦-૩૦ રૂપિયા લઈ આવે છે. જેને કારણે બાળકોને એક સમયનું ભોજન નસીબ થાય છે.

હું મારા છ બાળકોને લઈને મારી તુટેલી ઝૂંપડી સામે બેઠો-બેઠો ધ્યાન રાખુ છું.....ક્યાંક પોલીસની ગાડી તો નથી આવી રહીને......!!!!



ભાષા : દેહવાલી

રાની હમ્બ્રાવતી

એક આથો રાજા, તિયાં એક પોયરો આન્ રાની. તિયાં રાજ્યમ્ તેં ખૂબ સુખી જીવતેલા ફેલી રાની આખે કા. આરેક રાજા! આપૂ ખૂબ મિલ્કત હા. બારાગાડેં આહી, બાંસ ગાડે અનાજ હાય. એકા એક તિયાં રાજ્યમ્ દૂકાળ પોડચોં. માલદાર રાજાલ બારા ગાડેં અનાજ ૧૨ ગાંવુમ ચાર માહાંન આદલો બેન માંહાન હેર વાય્ચોં. હાતીં તોં અનાજ આજ કાઈ, હાકાલ કાઈ ગાડેં ચાલાન લામ્યેં. આખોં અનાજ રાજાહી લોકુહૂન વાટી દેદોં. રાજાલ એકહીં કા લોક ખૂબ ખૂશીમ્ જીવિ રીયાહ.

તિયાબાદ તિયાં રાજ્યમ્ દૂકાળ પોડચોં. ફેલી રાણી આખે કા જાત ધર્મ કે અચોં તામિભ્યોં દુઃખ બોદલામ. એકકાંઈ બીજા દિહ દુઃખ વાદયોં. તાહાં ગાઁવૂમને કેડાં કૂચ્ચોં નાંય. કલી રાણી આખે કા રાજા દુઃખ પડચો તા કેડો હેરા નાહ આવતો. રાજાંહ આખ્યો કા આરેક રાની એક દુઃખીલ બીજો દુઃખી કેહકીં હેરાં આવે. કેતાં-કેતાં રાજાલ ખુનુજ હારોં નાઁય લાગાં લામ્યો. તિયા તબિયત બિગડી, આય હાંતી રાજા મોઈ ગિયો. રાજા પોયરો આન રાણી ખૂબ રોડાં લાગ્યેં. રાજા મોયાતૂમ ગાઁવૂ લોક કેડા આલા નાંય. રાણી ફોકદીન રોડાં લાગી, પોયરો બી મુતકોં ઠોકીન રોડાં લોગ્યો. તાઁવ ગૂમ કેડાં નાંય કૂચ્ચોં. ફેલી રાણી આખે કા! આરેક બેટા! આવુહ એહકી કોતેંક રોડેતેં રીહુ ચાલ કાઈ તેબી ઈલાજ કેઅજી. યાહકી આન્ પોંયરાંઈ બેનીહ રાજાઅ્ મૂર્દાલ સોને કેરુલા કોશિશ કેઅયી. માઁહાવ્યા ખાટલાવે તિયાલ થોવ્યો આન ણતીં યાહકીન ખાંમ્લો ઉખલૂતેહેં. પોયરો મૂનકા વેલે તાહાઁ યાહકી પાગુ વેલે યાહકી મૂનકો વેલે તાહાઁ ખાંમ્લો પાગુ વેલે, પેન તોં રાજા મુદાઁ કાય ઉખલાતોં નાંહાઁ. બેની બાદુલ સાદુલ કેઅતેંહ પેન તિયાં કોશિશ એડે જાહે. તો ઉખલાતો નાહાઁ આખરી પે માંહુજ મોડોં તા ઉખલાય તેહીં રાણીલ વિચાર આલો કા આમી ઉખલાતોં નાહાઁ તા કાઈ કેઅજી. ફેલી રાણીહ પોયરાલ આખ્યોં કા આરેક બેટા તૂમાં આમાં જિન્દી ઉરૂ રુમ જહકી આલો વેરી સાથેજ જાજે....મોર્યો માંહાવ્યાપે સાટાકારીન દૂલૂલ આગ લાગવી દેદી. તિહીંજ તે આગ હાહુમ ટપૂપ જાઈનબોહી ગીયે તિહીનેજ તીન રાતીયાન તીન દિહ લૂગ મિલકા! ઓહીં ને હેઅને રીયે આન રોડતે પેન ગાઁવુ મેને ડાંહ કૂચ્ચોં નાંયં. બારાપાડે આથે તિયાને કેડાંહ કાય નાઁય દેદોં. ફેલી રાણી આખે કા! માઁ પોયરા આપનેહ ઈહીં કાઈ આસલો મિલે એકહી હોમ જાતોં નાહાઁ, આમી કાઈ કે અજી. કેલો પોયરો આખેકા આલેક યાહકી! તોઅ્ કાય હોગવાડીયે હાપ કા નાહાં. યાહકી આખે કા આરેક! ઈહીં તોઅ્ દૂર નાટક્યો માંમોહ હાય પેન તો ઇયા વનવાયૂ તિયુ વેલે રેહે. આપુહં નિકી જાજી. આસતાહાઁ બેની યાહડિંકેહ ચાલતેંહ-ચાલતેંહ વોહતી ટાકતેહં, ઉજાડી જાંગે રૂવે ટાકતેંહ આન ઉજાડતેંહ. આખો જંગલૂ બી હાઉ નાઁહ કેઅતો, વોલ્યા પાંય ચોં તિયાંહના(બેની યાહડીકાંન)હેરાં ઓટકી જાહે.

બાસતાહાં કેલો પોયરો આખકા! આરેક યાહકી કેતેક સેટે હાય તિયા મામાં પાગોં બી માન તા ખૂબ ઓત્ર લાગીહ. ફેલી યાહકી આખે કા આરેક પોયરા! ઇયા ડોગૂમ તૂ કાહીં જાહો ઓતે સેટે સાપાટીમને આલે તાહાઁ નાઁય આન્ ઇહીં આવીન લાગીહ કા. ફેલેં વાઘ કહે ગાઁગેહ તાઁહા, આછાલી કહેં બેબાહ તાહાઁ વાંદરે એહે-તેહે ગુઅખૂતે ફિરતેંહ. ફેલો હાય તા નાઁયજ માન્યો, આખરીય ગિયા તા ગિયોજ.

બાસતાહાઁ હાંતી ફેલો પોયરો ગિયો તોજ ગિયો તા વનૂમ જાદન લીલ માંખી (મદ માખી) વેહ લીઅન એકા ચાડવા ઢીબરાંમ બોહી ગીયો. ફાચે ફિરી આલોચ નાઁય. ફેલી યાહકી હાયતા તિયાલ વાટ હેરાં ટેકી. આમી આવે તાહાં આવે વાટ જોવી જોવી ન થાકી ગિયી. એહેં-તેહેં બોંબલૂતી ફિરે પેન કાય કેડા વારો નાઁય ના ગુસે નાઁય. તે એહલીં વિચારીન રાડાં લાગી કા મા નવ નવસ્યો એકૂજ પોયરો હાય આન્ કાદાસ તિયાલ એગાહ જાનાવરુહ તીખ્ લદો કા કાયકા હાતી એગાહ આછાલાંહ ઓરપી લેદો ક કાય વિયોં. ઓતી મોડી વનવાયૂમ તો માન કાંહી મિલી યા વિચારુમ ખૂબ રોડાં લાગી. એકહી હાતકેઅતી, હોદતી-હોદતી આખ્ખા રાનૂમ ફીરી વોલેહ આન સેવટીપે એક ચાડવા તોલે ઉભી રીઅન તીહીંજ રોડતી જાહે, હાતકૂઅતી જાહે. હાતકેઅતાં, રોડતાં ફેલી જિહીં ઉભી રેહે તિહીંજ તિયુલ કાઈક વોરેહવી જાતેંહ. તિહીંજ તિયું ચુટલીહીં લૂગ ઓઘહ લાગી જાહે પેન ફેલો ઉકારો(આવાજ)નિંગહ, તો આવાજ માં ઢાહકી રોડેહ તિજ હાય.

બાસતાહાઁ ફેલો પોયરો જુગૂ ટોપુવને ધરતીપે માહાઁ(મોનવી)વેહ લીન આવેહ તાઁઉ હાયતા ફેલી ચાહકી વાય-વાય બોંબલા આવાજ ઉનાઁય દેહે. પોયરો દોવળી જાઈન હાતીં ફેલા રાફુલ હાયતા નાતૂ કીં ઠોકી દેહે આન યાહકી ચૂટલી તિઅન ઉભી કી લેહે. ફેલો આખેહ કા આરેક યાંહકી! તું ઓડી કાહા રોડતલી? ફેલી આખેકા મા ચિળા તુ માં એકુજ નવ નસ્યો પોયરો હાય કાહીં જાતો રેહલો, માન તું ખૂબ ઈત આવતલો તિયાલ આંય કાંટી જનાઁય જાઉ. પેન તો પાવૂહ ગાઁવ આખી ઈહીંને કોતેક છોટે હાય. ફેલી યાહકી આખેકા! આમી એ કાલી વનવાહ ટાકીન આગલા નિંગી જાતેહ ફેલો પાયરો આખેહ કોતેક સેટે હાય, તાઉજ ફેલી યાહકી આખેહ આહેક બેટા! ફેલો ડોગીવે ગાંવ દેખાહી તોંજ તો મામાં કોઅ હાય આન ઈહૂબર્યાજ મેહેલ તો મામાં હાય.

વાસતાહાઁ ફેલો પોયરો આખેકા કા આરેક યાહકી! તૂ આમીં તો પાવૂ કોઅ્ જો આન આંય ફેલી ગાઁવૂ બારે હોનાંઅ વે હાય તિહી પાઁય પિઅન્ આવૂંહ. ફેલી યાહકી આખે કા એવલોં ચૂટલા વાલોં પોંગો હાય એપુંજ આવજે. વાસતાહાઁ કેલો પોયરો હાનાંઅ વેઅયુ ગોટુપે જાઈન બોઠો ''અખોત વોલે બોખતવોલે ડોહલા પૂતુ જોહવાલે પોરો આસડો આન્ ડેગકોં લીઅન્ વાહવા મામાં પોયરી આવાં જોજવે'' બાસ હાઁતી ફેલી પોયરી પોરો આસડોન ડેગળો લીઅન પાંચ લાન્આલી. આવતાંજ વેયૂમ પોશે યક્યો. તીયાલ કાય હેઅયોં નાઁયા ડેંગકોં પોઈન ફેલી હાતીં મૂનકાપે થોવીન જા ટેકી તોતા મૂંર્જ પોયરો આખાઁ ટેકયો કા માન પાઁય પાજતી તા કાય વેઅતોં! ફેલી આખે કા કા આય મા બાહકાલ કોલ્યોહે પાંય નાઁહા દેતી તા તૂલકાહીંનો દૂયુ. તૂલ વાગ ખાય

જય મોરખી લાગે તૂલ દૂશમનૂલ કાહીને આલોહ સીસકાલોહ નિડાંમ નિબવાં ઓડા ગૂંબા લીન બોહી રેયોહના મોવે પાંય માંગોહ કા? ફેલો પોયરો આખાં ટેકયો કા માન પાંય પાજતી જે નેતા વેઅથૂમ્ ફૂદી પોડીન પી લેહેં. ફેલીહં વિચાર કેયોં કા વેયૂમ ફૂદી પોડી તા આખ્ખોં પાંચ બિગાડી દિઅ્. હાંતીતિયા વિચારૂમ તિયૂર પાંય પાજી દેદોં. ફેલી પાંય કાડીન જાં ટેકી તાઉજ ફેલો પોયરો આખેહ કા માન ઉગાવી બી દે. ફેલી આખે કા તૂલ મોરખી લાગે તો આથુમ બી ચાંદે હાય, પાગુમ બી ચાંદે ડિલૂમને પૂ નિગીહ આન્ બિણી-બિણીમાંખે લીન બોડોહ આન ઉગાવી માંગોહ કા. ફેલો આખેકા ઉગાવી દે નેતા વેયૂમ ફૂદી પોંડેંહ આન ઉંગીન નિગેંહ. ફેલી ણાતી ગાય દેતી જાહે આન ઉગાવતી જાહે, ફાચે પોતેંડેં બી તોવી માંગેહ. બાસતાહઁ ફેલી હાંતી ડેંગળો મૂતકાપે થોવીન કોઅ ચાલુ પોડી. ફેલો આખેહ કા આમીં માન કોડીપે બોહાવી લે.

તિયાલ આખેહ કા માફૂલજે કાંહીને આલોહો આન્ ફાચો કોળીયે(કેડ)પે બોહા હોયેપોયરી આખેકા બોહાવી લે નેતા વેઅથૂમ ફૂદી પોંડેંહ. બાસતાઁહ ફેલી મૂતકાપે ડેંગકો થોવીન આથૂમ પોરો લીન પોયરાલ કોળીપે બોહાવી લેહે. ફેલો આખેકા "ઓખતવોલે બોખતવોલે પોહલા પોયરા જેણવોલે ડોહલાપુતુ જોહ વોલે આગાલી ડોંગે ટાકેતા ફાસાલી વોલી આવાં જેજવે. આન હાંતી ફેલી આગલાં ડોગેં ટાકે તા ફાસાલી આવાં ટેકી. ફેલી આખે કા મોરખી લાગે યાલ આગલાં જાહું તાહઁ ફાસલા વોલી આવા હે, આંય હોકી હોકી જાહૂ તેબી આગલા જવાતાંહ નાંહ. ફેલ્ સેવ આથી ગિયી. તા તિયાલ(પોયરાલ)એફ્જ ફેકાય્યો તા ખૂબ સેટે ચાણા ખેતૂમ ટેબાંહ પે પોડચો.

નિહીંજ બોહીન રોળાં લાગ્યો. બાસતાહઁ પોયરા રોગ ચોળી તા તિયાં રોગીમ ફેટી ભંગ ચીરી ટાંકી આન્ બાગલ્યો વેહરો કાલો કોડો તિયાર કેઅયો. જાંબો ડોગ સો પોવી લેહો, જેહર્રો ફેટો બાદયો આન્ પાગૂમ મોજ્યેં પોવીન ગૂગરીયા બાદયા. બાસતાહઁ હાંતી કોડાપે ફૂદી બોઠો આન્ કાલા પૂતૂજ રોવો દેતો નીંગી ગીયો. તા ઉદલો આંગોજ દેખાયાં લાગ્યો, પાન બી નાંય પોડચોં તાંઉ પોયરી આગાલાં કોડો ઓળી [illegible]. ફેલી આખે કા તૂલ મોરખી લાગે, ઓ કાંહીને આતો હારો બીલાંજે ગૂઅબો લીન આવી ગીયો, તૂલ મોરખી લાગે તૂલ દૂશ્મતૂલ કા તો અહડો માઁહૂ વે તા જીવતોં-[illegible] રાજ બી સોબે આન્ ગાંવ બી સોબે આન્ ગાદીબી સોબે. ફેલી પોયરીલ [illegible] આખો કા આરેક દાદા તૂ આમાં કોઅ કેહકીબી આવજે. કેડોબી રાહદારીયો મૂસાફિર જા હે તો આમાં કો પાંઈ પિયા વગુર જાતો નહિં. તૂં એક ઘેડી તેબી ટોલતો તા [illegible]. ફેલો પોયરો આખેકા માંય કૈડા કો જાતો નાંહઁ આન કેટાંણી પાંઈ પિતો નાહાં. [illegible] કો બોહતો નાહઁ આન્ જાતો નાહઁ. ફેલી આખે એક ઘેડી ટોલતો કા કાય વેખતો [illegible].

બાસતાહઁ ફેલો હાંતી હોના વેયુપ પાદરો નિગીં ગીયો આન્ બોગલ્યો વેહર્યો ફેટો બી દોબાવી દેંદો, ડોગલો, ગૂગરીયા, ફેટોબી દોબાવી દેતો, આન આખેકા "ઓખતવોલે બોખતવોલે પોહલા પોયરા જોહ વોલે આજીબી વાહવા માંમાં પોયરી [illegible] લીઅન્ આજી વેયુ આવાં જેજવે." હાક ટાકી દેતાજે ફેલી હાતીં

દેગણોન પોરો- આસળો લીન આલી આન વેયૂ ગોટૂપે પોરો આસળો થોવીન આખેકા ચાલ મદ હોદી ખાં દે. ફેલી એહે તેહે મદ હોદેહ પેન કાય મિલતો નાહાઁ. ફાસે વોલી આવા ટેકી તાઁઉજ હોંબૂર ફેલા ચાડવાંપે હુણ આડચો મદ પિપલયા કેહે તિહપે તિયૂ નોજૂર પોડી. ચાડવોં ઉચોં આથો હાંતી એક લાંબો વાંહટો હોદીન એઠાને ટૂઅચી દેહે. દેતાંજ ફેલોં પોયરો મદુ માખી વેહે લીન બોહેણે હાતીં, ટૂચૂતાંજ મૂતી રહે. એક હૂકાલા પાના પે તો મૂત પોડેહ હાતી તે પોયરી મદ જાંઈન ચાટી ખાહે. ફાચે તે ટુચેહ તા ફાચેબી તેહકીંજ મૂતરાલો લાગેહ. ફેલી બાસતાહાઁ ફેલી હાંતી ડેગળામ્ પાંઈ લીન ચાલતી પોળી. આન હાતી તો પોયરો બી તિયૂ ફાચાલાઁ ચાલતો ટેકીયો(મામોહ આપેકો આવ પાણીજે જવાઈ...... આપકી જય) ફેલી આખેકા તૂલ મોરખી લાગે બાહકાલ બી દેખલો નાઁય ન દાવલોં આન તિયાલ બાહકોબી જોવાંઈ આખેહ. પોયરાલ કોઅ્ હાદીન બોહાવ્યો. ફેલો પોયરો આખે કા આરેક મામાં કામ-કાજ કાંય વે તા માં ડેડીઅ વરતાયુ કેઅતાં કાય બી કામ માન આપા. મામાંહ આખ્યો કા આરેક જવાંઈ કાજે-કામે તા બાઠેજ હોપાલે હાય પેંન ઈફૂકડે-બોકડે તેબી ચારજે. પેન ઈયાનબી કાંહી જાઈન ચારોહ, ગાઁવુ હિવુમ લી જાઈન તેબી ચારજે. આન વાંઅતી વેલે એપલા ઓખડાંમ ફૂકડેં ઉંબકી દીન તિયા ગાલામ હૂવિ રેજે. ફેલો હાંતી વેગર્યો ફૂકે ચારી લાલો આન વેલી પે માંડા વાટ હેઅતો બોહી રીયો. આખદીહ હુદી રખડીન શેવડી ખૂબ પુરાવો વેહે હાતી કેડ તીઅન ઈતવૂતો બોતી રેહે. તોતામુંજ ફેલી પોયરી માંડો લીન આવેહે. તો એહકી વિચારે, કાગોવારી ચાકરીમ કાંવી હારોંજ રાદયો વેરીઅ એક્કા હેહે તાઉં તા ફોલી માંડો યાન ફૂકડાં ખેચકાં ભાજી, તિયા તો મોત્યેંજ મોય પાડતેંહ, આગ્લી રાત-ફાસલાં-ચાલાં ટેકી આન ફાસલી રાત આગલાઁ ચાલાંન ટેકી. તિયા એઠાને જમીન બી હોરકાં લાગી રાતીઅ બી દીહ દેખાયાં ટેક્યો આન દિહુ બી ચાઁદ, આજ કાય કાલ કાય એહકીં દિહ કાડાં ટેક્યો. ફેલો આગલી રાત આગલીં ચાલે ન ફાચલી રાત ચાલે ફાંસલાં મધ્યમ રાતીઅ ઉનો ઉનો બાફ ઠોકતી હોના ઢાલીમ માંડો આવેહ જુગુપને આને હાંતી તો ખાયનેહૂવી જાહે. ફેલો ફોલી માંડા આન ફૂકડાં ખેચકાં ભાજીલ આકાશ માર્ગુમ ઉડાવી દેહે. રોદદીણ ફૂકડોં ખયકાં લાજી આન ફોળીમાંડો હીઅન તિયાલ રોગ ચોળી જાહે. બાસતાહાં હાંતી તો સાતી મોલ કાડીન બીલાક્યો વાઘ બનાવેહે, વાસાતાહાઁ બીલાડચો વાંગ બોનાવ્યો ણાતી ફેલો ફૂંણબી આખેહે કા માન કાહા ગુંથી ટાક્યો(માન કાહા બનાવ્યાં) પોયરો આખે કા તો સારકા ગરજ કામ હાય, આંય આખુ તેહડીતો કેરુલા. બાસાતાહાઁ હાતી ફેલો પોયરો હીવારામ્ ગીયો વાગ ખેતો. તિયાલ ઉડલાવીઉડલાવીન મારો ચાલૂ કીઅ દેદો મામો કુચે કા કોહે રા જવાઁહે કરે લી ગીયોહ. ફલે આખે કા એહેજ બીલકામ લી વિઠોહ. આન કુકુડો હોદી કાડચો. તિયાલ ટાંગી કેરાવે આન મામો આખેકાતૂમૂહ આય બેની પોયરાંહ મિલીન ઉખલી લેદો. વાસતાહાં બેન ખેતૂ પૂરાવાપે જાઈન પોયરીહં ટાકી દેદો ન જાતી ટીયી. ફેલો પોપરાલ હાય તા રોગ ચોળી તિયાંહ બેની ટેંગળા તીઅન કૌઅ થોવી આલો. વોલીયે તો ઈતવુતો બાહે કા કુયુહ ફૂક્કા લાજી કેયઅી વેટી આખીન સોબક્યા ચાટતો બોહી રેહે તાઉંજ ફેલી પોયરી આવેહ ફોલી માંડો હાદાવે જુગુપ તે. આન હાંતી તો

સામાહલ એહકી આખેહે કા જવાંઈ તેહરા તુમુહ બોકડે ચારજા. પેન કાહીં ચારાહા ઈંચાહાન હિવારા મિવારામ ચારી લાવજા.

બાંસતાહાં હાંતી તો સાતી મોલ કાડચો આન્ બિલાડચો વાઘ બનાવી દેદો. બિલાડચો વાગ કાલા કૂણબી કૂયા લાગ્યો કા માન કાહાઝૂથી ટાક્યો. ફેલો પાયરો આખે કા તો સારખા ગોરજ કામ હાય. માઁય આખુ તેહકી કરુલા. આહ ન હાતી તિયા બિલાડચા વાગુલ બિળકાંમ દોબાવી આલો. આન હાંતી વેગરીઓ ઉઠીન બોબડે ચારાં જંગલમ લી ગિયો બિલકામ લી ન ગીયો જિહી વાગ બોહાવી થોવલો. બાકૂડ બી હૂકરાયુ ચોરા નાંય દે બોકળીહીન આને ફાસલાં -ફાસલાં બેબાતા જ ફિરે. બોકલી ફાસલાં બોબૂક દોવળા ટેક્યો, બોકલી નિગીગીયી પેત બોકૂડ તિ પાડચો વાગૂહ .ફેલો પોયરો બોંબલાન ટેક્યો કા બાયુ બિચારા બોકુલ વાગુહ તેઅયો આવજાહે... ફૂયૂ ડેંગારો લીન દોવલી તિયૂ ફાસલાં મામો આન મામાં ફાયલી તિયા પોયરી ડેંગારો લીન દોવળી. જાય જાયન તિયૂહ પોયરાલ ડેંગારા મારો દા ચાલૂ કી દેદો. તિયાલ ઉંડલાવી-ઉડલાવીન મારો દાં ચાલુ કઅયો. માઁમો આંખે કે કેહેરા કહેરા લી નિયોહ.. એહેરા એહે લી બિઠો આખરી પે બાકૂળ હોદી કાડચો બિળકામને. આય હાંતી માંમોહ તિયાલ ટાંગી કેરાવ્યો આન બેની પોયરાંન ઉખલાવ્યોં. ચાલતે-ચાલતે [illegible] બેતૂ પૂરાવાપે જાઈન પોયરીહં. તિયીલ (ટાંગી) ટાકી દેદી ન કોંઅ જાતી રીયી. ફેલા પોયરાંહ તિયાલ બેની ચારી પાગુમ બાંદીન ગાતી બાંદીન કૌઅ થોવી આલો.

બાસતાંહાઁ ફેલો ઈતવુતો બોઠો કા ફૂકકાં ભાજી તા નાઁહા ખાવાયી પેન આજતા બોકડાં ભાજી ખા મિલીજ. સોબળ્યા ચાટતો તો બોહી રીયો. ઓતામૂંજતિ પોયરી માંડો લીન આવેહે. એકુજ તો હેએ તાઉતા ફોલી માંડોન ખેચકાં ભાજી. ફોલી માંડોન બાકે આકાશ માર્ગૂમ ઉડાવી દેહે આન હાંતી જુગુપને મધ્યમ રાત્રીલ હોનાઅ્ થાલીમ બાફ ઠોકતો માંડો આવેહ. ફેલી પોયરી ખુબ દીહને વિચારે કા ઓ ફોલી માંડો ન [illegible] ખાવાતેં હ તેબી ઓડો કાહા પોહાહે. ઓ કાય ખાહે. તે ઢાકીજ દોબીન હે હે. [illegible] હોના થાલીમ બાફ ઠોકતો માંડો આવેહ. તે તિદરીજ એહકી નક્કી કેહે કા [illegible] જેં ચુલીમ ચુકે, જો આમુહ ખાતેહ વેરી તોંજ આમુહ યાલ બી ખાવાવુહ.

બાસતાહાઁ ફેલો હાંતી ઈમ્બ્રાવતી(પોયરી) આને તિયા પોહલ્યા પોયરા સબંધ [illegible] બી નિયાંહાન હાંતી રાજી ખુશીકી વોરાળ કી દદોં, એકદીહ પોયરો આખાં [illegible] કા આરીક રાની માઁ બી ઓતો મોડોં રાજ પાઠ આથો મિલકત આથી આઁય માં [illegible] જા હાઁય આન હાંતી વતુનૂમ જા રાજી વિયા.

બાસતાહં ફેલો હાંતી કોડા વાળગાંમ ગિયો આન હારો હીન કોડો હોદયો આન [illegible] બોહીન તિયાં વતુનૂમ નિગીં પોડચો. ચાલતાં-ચાલતાં બાસતાહાઁ વીજળી [illegible] નીગીં જાતેહં. બાસતાહાઁ તિયા દિદુ મદયા રાતીલ તિયા વતુનૂમ પોચતેર.

બાસતાહાઁ બાર પરૂ ડેંગારો તોરતીય ઠોકી દેદો તા બાર મોજલા મેહલ ([illegible]) બોની ગીયી. બાસતાહાઁ આખાય ગીયો કા તિયાં ઢોર-વાસલી-બાઠી [illegible] એહકીં આથી તેહકીંજ આવી ગીયી. આન હાતીં ફૂકઅ આરી બાઠે માહે [illegible] જાગો હોદને ફિરાં લાગ્યે. પેન તિયાંહાંન તા તે ઓવાલીજ નજર પોડે બાઠે

વિચાર કઅતેં વી ગિયે. આન હાંતી તે વેગરીપે. બારાપાડા ગાવુ લોક હેરાં વોલ્યા, બાઠા આમીં રાજાલ માનાં લાગ્યાત ગાવુ વાલા આપે આન રાજા તિયાહાંત આપે. કેતાં કેતાં રાજપાઠ હારકીં ચાલાંન લાગ્યોં આન પોયરો આખે કા આરેક રાની માં બી યાહકી હાય તિયુલ બી ઈહીંજ હાદી લેજી. આન હાતીં યાહકીલ હાદાવાં કાગલો ટાક્યો. કાકલો મિલતાંજ યાહકી ખોકલો વોલતી આવી ગીયી. આન્ હાંતી બાદે એકાતર વીઅન ખાહલે પિહલે ન મોજ્યા કેઅતલે.

ઉપરોક્ત લેખનું ગુજરાતી અનુવાદ

રાણી ઈમ્બ્રાવતી

એક હતો રાજા તે તેની રાણી અને છોકરા સાથે સુખેથી રહેતો હતો. સાંજના સમયે ખાવાનું ખાઈ રહ્યા હતા, ત્યારે રાણીએ સવાલ કર્યો કે મહારાજ આપણી પાસે ખૂબ જમીન અને મિલકત છે. આપણી પાંસે બાર બળદગાડા ભરાઈ જાય એટલું અનાજ છે. તેમજ સારા સારા જાનવર અને સાધન સંપત્તિ છે. કોઈ વસ્તુની કમી હોય એવુ લાગતુ નથી.

રાજાએ ફેસલો કર્યો કે આટલુ બધુ અનાજ મારા ઘરમાં છે. લોક ભૂખે મરે છે. તો હું આ અનાજ લોકોને વહેચી દઉં. તો એમણે આ અનાજ માટે ૧૨ ગામમાંથી એક-એક કરીને ચાર માણસો વચ્ચે ૨૦ કિલો અને બે માણસ વચ્ચે ૧૦ કિલો એમ કરીને વહેંચી દિધુ. આમ બાર ગામમાંથી એક એક બળદ ગાડું આવવા લાગ્યું. અને એક-એક કરીને બધાજ ગામમાં અનાજ લઈ ગયા. રાજાને લાગ્યુ કે હમણા લોકો સુખેથી જીવી રહ્યા છે.

